# પુષ્ટિપ્રકાશ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા અભ્યાસક્રમ

## તૃતીય કક્ષા

પ્રકાશક

**શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન**

મોટી હવેલી - જૂનાગઢ

|| श्रीकृष्णाय नमः ||
|| श्रीवल्लभाधीशो जयति – जयति श्रीविठ्ठलेश्वरः ||

# પુષ્ટિપ્રકાશ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા
અભ્યાસક્રમ

## તૃતીય કક્ષા

પ્રકાશક
**શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન**
મોટી હવેલી – જૂનાગઢ

- **'પુષ્ટિપ્રકાશ'**
  **શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા અભ્યાસક્રમ : તૃતીય કક્ષા**

- લેખન - સંકલન :
  **ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી (મોટી હવેલી - જૂનાગઢ)**
  (વાર્તા લેખન સંકલન સહયોગ : **મથુરભાઇ રામાણી**)

- પ્રકાશન વર્ષ :
  **શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૦**
  **શ્રીવલ્લભાબ્દ ૫૩૮**
  **વિક્રમ સંવત્ ૨૦૭૧**
  **ઓગષ્ટ ૨૦૧૫**

- પ્રથમ સંસ્કરણ પ્રતિ :
  **૪૦૦૦**

- પુસ્તક પ્રકાશન સહયોગ :
  **૪૦/-**

- મુદ્રક :
  **મેટ્રો ઓફસેટ, જૂનાગઢ**

- પ્રકાશક :
  **શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન,**
  **મોટી હવેલી, જૂનાગઢ.**
  www.pushtisanskar.org

॥ श्रीदामोदरमदनमोहनौ प्रभू विजयेते ॥
॥ श्रीवल्लभाधीशो जयति ॥ ॥ जयति श्रीविठ्ठलेश्वरः ॥



ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી



ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

## શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા – તેજસ્વી બાલક નિર્માણ

સંસ્કાર જ માનવની શોભા છે. સંસ્કારવિહિન માનવસમાજની કલ્પના જ અતિ ભયાવહ છે. આજે જ્યારે સમાજમાં સંસ્કારની ઉણપ અનુભવાઇ રહી છે ત્યારે પ્રત્યેક માનવબાલક ધર્મસિદ્ધાન્તોને આત્મસાત્ કરીને ગૌરવશાલી બને તે માટે આપણે સહુએ સન્નિષ્ઠ પ્રયાસ કરવા જ જોઇએ.

આવા જ એક પ્રયાસ રૂપે પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સ્થાપના કરવામાં આવી છે. પુષ્ટિસંસ્કાર પાઠશાલા દ્વારા બાળકો આપણી સંસ્કૃતિમાં રહેલા શ્રેષ્ઠ મૂલ્યોથી પરિચિત થાય છે અને તેઓમાં શ્રદ્ધા - સાત્વિકતા–સહિષ્ણુતા–સંગઠનભાવ–આત્મવિશ્વાસ–ઉત્સાહ આદિ ગુણોનો ઉદય થાય છે.

ઉચ્ચ અને સમૃદ્ધ પર્વતોમાંથી પ્રવાહિત થતી નદીઓ બારેમાસ વહેનારી અને સર્વનું હિત કરનારી હોય છે. તે જ રીતે પ્રત્યેક બાળક આપણા આચાર્ય અને ઋષિ–મુનિઓ દ્વારા પ્રવર્તિત ધર્મસંસ્કૃતિઓના સર્વોચ્ચ શિખરોમાંથી પ્રવાહિત થતા સંસ્કારોથી સિંચિત થઇને તેજસ્વી–મેધાવી–યશસ્વી બનશે.

આપણા સૌભાગ્યથી આપણને તો આપણા સંસ્કારપ્રવાહનો ઉદ્ગમ સ્રોત ભારતીય ધર્મસંસ્કૃતિના સર્વોત્તમ શિખરોપમ શ્રીવલ્લભાચાર્યજી સ્વરૂપે પ્રાપ્ત થયો છે. આપશ્રીના મુખારવિન્દમાંથી નિઃસૃત વાણી દ્વારા વેદ–ગીતા–બ્રહ્મસૂત્ર–ભાગવત આદિ મૂર્ધન્ય શાસ્ત્રોનો સિદ્ધાન્ત પ્રવાહ આપણા અસ્તિત્વને સતત આપ્લાવિત કરી રહ્યો છે.

ઉપનિષદ્માં કહ્યું છે - આનન્દાદ્ધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે, આનન્દેન જાતાનિ જીવન્તિ... આપણે આનન્દ સ્વરૂપ ભગવાન્ ના જ સન્તાનો છીએ, ભગવાન્ ની જ સૃષ્ટિમાં રમણ કરી રહ્યા છીએ. બસ આવશ્યકતા છે એ આનન્દને અનુભવવાની, આનન્દની તેજસ્વિતાને આપણા વ્યક્તિત્વમાં પ્રકટ થવા દેવાની.

તો આવો આપણે સહુ પુષ્ટિસંસ્કાર પાઠશાલાના તેજસ્વી બાલક નિર્માણના આ દૃઢ સંકલ્પમાં સમ્મિલિત થઇએ.

# અનુક્રમણિકા

## પુષ્ટિપ્રકાશ (તૃતીયકક્ષા)

ગ્રન્થપાઠ વિભાગ


- મંગલાચરણમ્ ............ ૫
- શ્રીવિવેકધૈર્યાશ્રયઃ ............ ૫
- નવરત્નમ્ ............ ૬
- શ્રીકૃષ્ણાષ્ટકમ્ ............ ૭
- શ્રીમદ્‌ભગવદ્‌ગીતા નવમોધ્યાયઃ (ઉચ્ચારશુદ્ધિ અભ્યાસ માટે) ............ ૮


અભ્યાસ વિભાગ


| | | |
|---|---|---|
| પાઠ ૧ | પુષ્ટિગ્રન્થમાહાત્મ્ય - ષોડશગ્રન્થ | ૧૧ |
| પાઠ ૨ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧ | ૧૩ |
| પાઠ ૩ | ગ્રન્થપરિચય : શ્રીયમુનાષ્ટક | ૧૫ |
| પાઠ ૪ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૨ | ૧૭ |
| પાઠ ૫ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૩ | ૧૯ |
| પાઠ ૬ | ગ્રન્થપરિચય : બાલબોધ | ૨૧ |
| પાઠ ૭ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૪ | ૨૩ |
| પાઠ ૮ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૫ | ૨૫ |
| પાઠ ૯ | ગ્રન્થપરિચય : સિદ્ધાન્તમુક્તાવલી | ૨૭ |
| પાઠ ૧૦ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૬ | ૨૯ |
| પાઠ ૧૧ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૭ | ૩૧ |
| પાઠ ૧૨ | ગ્રન્થપરિચય : પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૩૩ |
| પાઠ ૧૩ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૮ | ૩૫ |
| પાઠ ૧૪ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૯ | ૩૭ |
| પાઠ ૧૫ | ગ્રન્થપરિચય : સિદ્ધાન્તરહસ્ય | ૩૯ |
| પાઠ ૧૬ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૦ | ૪૧ |
| પાઠ ૧૭ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૧ | ૪૪ |
| પાઠ ૧૮ | ગ્રન્થપરિચય : નવરત્ન | ૪૬ |
| પાઠ ૧૯ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૨ | ૪૭ |
| પાઠ ૨૦ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૩ | ૪૯ |
| પાઠ ૨૧ | ગ્રન્થપરિચય : અન્તઃકરણપ્રબોધ | ૫૧ |
| પાઠ ૨૨ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૪ | ૫૨ |
| પાઠ ૨૩ | ગ્રન્થપરિચય : વિવેકધૈર્યાશ્રય | ૫૪ |
| પાઠ ૨૪ | શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૫ | ૫૫ |

# ગ્રન્થપાઠ વિભાગ

## ।। મંગલાચરણમ્ ।।

ચિન્તા-સન્તાન-હન્તારો યત્પાદામ્બુજ-રેણવઃ ।।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ।।૧।।
યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્‌વલ્લભનન્દનમ્ ।।૨।।
અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાઞ્જન-શલાકયા ।।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।૩।।
નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।।
લક્ષ્મી-સહસ્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।૪।।
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।।
ષડ્‌ભિર્વિરાજતે યોઽસૌ પઞ્ચધા હૃદયે મમ ।।૫।।

## ।। શ્રીવિવેકધૈર્યાશ્રયઃ ।।

વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૧।।
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્ ।।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।।૨।।
અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્ ।।
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃકરણગોચરઃ ।।૩।।
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નન્તુ દૈહિકાત્ ।।
આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ।।૪।।
અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્ ।।
વિવેકોઽયં સમાખ્યાતો ધૈર્યન્તુ વિનિરુપ્યતે ।।૫।।
ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા ।।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપભાર્યવત્ ।।૬।।
પ્રતીકારો યદૃચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।।
ભાર્યાદીનાં તથાન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્ ।।૭।।
સ્વયમિન્દ્રિય-કાર્યાણિ કાય-વાઙ્-મનસા ત્યજેત્ ।।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્ ।।૮।।

અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।।
એતત્ સહનમત્રોક્તમ્ આશ્રયોऽતો નિરુપ્યતે ।।૯।।
ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।।
દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ।।૧૦।।
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।।
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ।।૧૧।।
અહંકાર-કૃતે ચૈવ પોષ્ય-પોષણ-રક્ષણે ।।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ।।૧૨।।
અલૌકિક-મનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ ।।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ।।૧૩।।
અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ ।।
પ્રાર્થના કાર્યમાત્રેऽપિ તથાન્યત્ર વિવર્જયેત્ ।।૧૪।।
અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।
બ્રહ્માસ્ત્ર-ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।।૧૫।।
યથાકથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।।
કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ધરિમ્ ।।૧૬।।
એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્ ।।
કલૌ ભક્ત્યાદિમાર્ગાહિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ।।૧૭।।

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો વિવેકધૈર્યાશ્રયઃ સમ્પૂર્ણઃ ।।

## ।। નવરત્નમ્ ।।

ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્ ।।૧।।
નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ ।।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૨।।
સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।।
અતોऽન્યવિનિયોગેऽપિ ચિન્તા કા સ્વસ્ય સોऽપિ ચેત્ ।।૩।।
અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના ।।૪।।
તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।।
વિનિયોગેऽપિ સા ત્યાજ્યા સમર્થોહિ હરિઃ સ્વતઃ ।।૫।।

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ।।૬।।
સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થિયતાં સુખમ્ ।।૧૭।।
ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ ।।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ।।૮।।
તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।।
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।।૯।।

**।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં નવરત્નં સમ્પૂર્ણમ્ ।।**

## ।। શ્રીકૃષ્ણાષ્ટકમ્ ।।

શ્રીગોપ-ગોકુલ-વિવર્ધન ! નન્દસૂનો !
રાધાપતે ! વ્રજજનાર્તિ-હરાવતાર ! ।।
મિત્રાત્મજા-તટ-વિહારણ ! દીનબન્ધો !
દામોદરા(!)ડચ્યુત ! વિભો ! મમ દેહિ દાસ્યમ્ ।।૧૩।।
શ્રીરાધિકારમણ ! માધવ ! ગોકુલેન્દ્ર-
સૂનો ! યદુત્તમ ! રમાર્ચિત-પાદપદ્મ ! ।।
શ્રીશ્રીનિવાસ ! પુરુષોત્તમ ! વિશ્વમૂર્તે !
ગોવિન્દ ! યાદવપતે ! મમ દેહિ દાસ્યમ્ ।।૨।।
ગોવર્ધનોદ્ધરણ ! ગોકુલવલ્લભાદ્ય !
વંશોદ્ભટા(!)ડડલય ! હરે(!)ડખિલલોકનાથ ! ।।
શ્રીવાસુદેવ ! મધુસૂદન ! વિશ્વનાથ !
વિશ્વેશ ! ગોકુલપતે ! મમ દેહિ દાસ્યમ્ ।।૩।।
રાસોત્સવપ્રિય ! બલાનુજ ! સત્ત્વરાશે !
ભક્તાનુકમ્પિત ! ભવાર્તિહરા(!)દિનાથ ! ।।
વિજ્ઞાનધામ ! ગુણધામ ! કિશોરમૂર્તે !
સર્વેશ ! મંગલતનો ! મમ દેહિ દાસ્યમ્ ।।૪।।
સદ્ધર્મપાલ ! ગરુડાસન ! યાદવેન્દ્ર !
બ્રહ્મણ્યદેવ ! યદુનન્દન ! ભક્તિદાન ! ।।
સંકર્ષણપ્રિય ! કૃપાલય ! દેવ ! વિષ્ણો !
સત્યપ્રતિજ્ઞ ! ભગવન્ મમ દેહિ દાસ્યમ્ ।।૫।।

ગોપીજન-પ્રિયતમ-ક્રિયયૈકલભ્ય !
રાધાવર ! પ્રિયવરેણ્ય ! શરણ્યનાથ ! ।।
આશ્ચર્યબાલ ! વરદેશ્વર ! પૂર્ણકામ !
વિદ્વત્તમાશ્રય ! વિભો ! મમ દેહિ દાસ્યમ્ ।।૬।।
કન્દર્પ-કોટિ-મદ-હારણ ! તીર્થકીર્તે !
વિશ્વૈકવન્દ્ય ! કરુણાર્ણવ ! તીર્થપાદ ! ।।
સર્વજ્ઞ ! સર્વવરદા(!)ઽઽશ્રયકલ્પવૃક્ષ !
નારાયણા(!)ઽખિલગુરો ! મમ દેહિ દાસ્યમ્ ।।૭।।
વૃન્દાવનેશ્વર ! મુકુન્દ ! મનોજ્ઞવેષ !
વંશી-વિભૂષિત-કરામ્બુજ ! પદ્મનેત્ર ! ।।
વિશ્વેશ ! કેશવ ! વ્રજોત્સવ ! ભક્તિવશ્ય !
દેવેશ ! પાણ્ડવપતે ! મમ દેહિ દાસ્યમ્ ।।૮।।
શ્રીકૃષ્ણસ્તવ-રત્નમષ્ટકમિદં સર્વાર્થદં વર્ણ્યતામ્ ।
ભક્તાનાં ચ હિતં હરેશ્ચ નિતરાં યો વૈ પઠેત્ પાવનમ્ ।।
તસ્યાસૌ વ્રજરાજ-સૂનુરતુલાં ભક્તિં સ્વપાદામ્બુજે ।
સત્સેવ્યે પ્રદદાતિ ગોકુલપતિઃ શ્રીરાધિકાવલ્લભઃ ।।૯।।

।। ઇતિ શ્રીમદ્‌વલ્લભાચાર્યવિરચિતં શ્રીકૃષ્ણાષ્ટકં સમાપ્તમ્ ।।

## શ્રીમદ્‌ભગવદ્‌ગીતા નવમોઽધ્યાયઃ
## ( ઉચ્ચારશુદ્ધિ અભ્યાસ માટે )

ઇદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।
જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ।।૧।।
રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ।।૨।।
અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરંતપ ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ।।૩।।
મયા તતમિદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના ।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ।।૪।।
ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।
ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ।।૫।।
યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।

તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥૬॥
સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥૭॥
પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ।
ભૂતગ્રામમ્ ઇમમ્ કૃત્સ્નં અવશં પ્રકૃતેર્વશાત્ ॥૮॥
ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ।
ઉદાસીનવદાસીનમ્ અસક્તં તેષુ કર્મસુ ॥૯॥
મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।
હેતુનાનેન કૌન્તેય જગદ્ વિપરિવર્તતે ॥૧૦॥
અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમ્ અજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥૧૧॥
મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાનાવિચેતસઃ ।
રાક્ષસીમ્ આસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીંશ્રિતાઃ ॥૧૨॥
મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ॥
ભજન્ત્યનનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥૧૩॥
સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દૃઢવ્રતાઃ ॥
નમસ્યનન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥૧૪॥
જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામ્ ઉપાસતે ।
એકત્વાન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ॥૧૫॥
અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમ્ ઔષધમ્ ।
મન્ત્રોઽહમ્ અહમેવાજ્યમ્ અહમ્ અગ્નિરહં ભૂતમ્ ॥૧૬॥
પિતાહમ્ અસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।
વેદ્યં પવિત્રમોંકાર ઋક્ સામ યજુરેવ ચ ॥૧૭॥
ગતિર્ભતા પ્રભુઃ સાક્ષિ નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥૧૮॥
તપામ્યહમહં વર્ષં નિગ્રહામ્યુત્સૃજામિ ચ ।
અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસત્ચાહમ્ અર્જુન ॥૧૯॥
ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।
તે પૂણ્યમ્ આસાદ્ય સુરેન્દ્રલોકમ્ અશ્નન્તિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્ ॥૨૦॥
તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં ક્ષીણે પૂણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।
એવં ત્રયિધર્મમનુપ્રપન્ના ગતાગતં કામકામા લભન્તે ॥૨૧॥
અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥૨૨॥

યેપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ।।૨૩।।
અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ।।૨૪।।
યાન્તિ દેવવ્રતા દેવાન્ પિતૃન્યાન્તિ પિતૃવ્રતાઃ ।
ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોડપિ મામ્ ।।૨૫।।
પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તાનહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ ।।૨૬।।
યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્ ।।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરૂષ્વ મદર્પણમ્ ।।૨૭।।
શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।।
સન્ન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામ્ ઉપેષ્યસિ ।।૨૮।।
સમોડહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તેષુ ચાપ્યહમ્ ।।૨૯।।
અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ।।૩૦।।
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ ।।
કૌન્તેય પ્રતિજાની હિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ।।૩૧।।
માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ ।।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ તેડપિ યાન્તિ પરા ગતિમ્ ।।૩૨।।
કિં પુનર્બ્રાહ્મણાઃ પૂણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।।
અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।।૩૩।।
મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરૂ ।।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમ્ આત્માનં મત્પરાયણઃ ।।૩૪।।

**।। ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાયાં નવમોડધ્યાયઃ ।।**

# અભ્યાસ વિભાગ

## પાઠ ૧

### શ્રીમહાપ્રભુજીની શાસ્ત્ર પ્રતિ દૃઢ નિષ્ઠા

પુષ્ટિભક્તિસમ્પ્રદાયનના સ્થાપક શ્રીવલ્લભાચાર્યજીએ વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત વગેરે શાસ્ત્રોની એકવાક્યતા કરીને સર્વ શાસ્ત્રોના તાત્પર્યરૂપ સિદ્ધાન્તોનું પોતાના વિવિધ ગ્રન્થોમાં નિરૂપણ કર્યું છે. આચાર્યશ્રીની શાસ્ત્રવચનો પ્રત્યે અનન્ય નિષ્ઠા અને પ્રતિબદ્ધતા છે. તેથી જ પોતાના અનુયાયી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પાસે પણ આપશ્રી; એવી જ શાસ્ત્રનિષ્ઠાની અપેક્ષા રાખે છે. આપણા કર્તવ્યના વિષયમાં આચાર્યચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે -

**शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः । (शास्त्रार्थनिबन्ध प्रकाश ४)**

અર્થ : શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરીને મન-વાણી-દેહથી કૃષ્ણની સેવા કરવી.

### પુષ્ટિગ્રન્થ અભ્યાસની આવશ્યકતા

વેદ આદિ ગહન શાસ્ત્રોનું તાત્પર્ય સ્વબુદ્ધિથી મનઃકલ્પિત પ્રકારે સમજી શકાય નહિ. શ્રીમહાપ્રભુજીની વાણી જ શાસ્ત્રના વાસ્તવિક અર્થને પ્રકાશિત કરનારી છે.

શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોનો અભ્યાસ દ્વારા જ -

(૧) શાસ્ત્રોના પ્રામાણિક અર્થને સમજી શકાય છે.

(૨) વૈષ્ણવ તરીકેના કર્તવ્યનો બોધ થાય છે અને

(૩) પુષ્ટિમાર્ગનાં વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે.

તેથી પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે આપણા વાક્પતિ આચાર્ય શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ.

### શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોની આનન્દરૂપતા

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર ભક્તકવિ શ્રીગોપાલદાસજી ; વલ્લભાખ્યાનમાં શ્રીઆચાર્યચરણના ગ્રન્થોની આનન્દરૂપતાનું વર્ણન કરતા કહે છે -

ગ્રન્થો સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાન્ત - સ્વસિદ્ધાન્તોને શ્રીઆચાર્યચરણે ગ્રન્થ રૂપે પ્રકટ કર્યા છે. આ ગ્રન્થોના પાઠ અને અભ્યાસ થી અલૌકિક આનન્દનો અનુભવ થાય છે.

ભગવલ્લીલાના આનન્દથી પરિપૂર્ણ એવા શ્રીવલ્લભના હૃદયમાંથી આ વાણીનું પ્રાકટ્ય હોવાથી આ સર્વ ગ્રન્થો પણ ભગવદ્‌ભક્તિના આનન્દથી છલોછલ ભરેલા છે.

## શ્રીમહાપ્રભુજીના વિવિધ ગ્રન્થો

સિદ્ધાન્ત સ્થાપના ના વિવિધ સન્દર્ભોને ધ્યાનમાં લઇને આચાર્યજી એ વિવિધ ગ્રન્થોની રચના કરી છે -

(૧) કેટલાક ગ્રન્થો આપશ્રીએ શાસ્ત્રના વાસ્તવિક અર્થને પ્રકટ કરવા માટે રચ્યા છે. જેમકે શ્રીસુબોધિની, અણુભાષ્ય, તત્ત્વાર્થદીપનિબન્ધ વગેરે.

(૨) કેટલાક ગ્રન્થો શાસ્ત્ર વિરૂદ્ધ મતનું ખંડન કરીને સ્વસિદ્ધાન્તસ્થાપન માટે રચાયા છે. જેમકે શાસ્ત્રાર્થનિબન્ધ.

(૩) કેટલાક ગ્રન્થો પોતાના શિષ્યોને પુષ્ટિસાધનાનો બોધ આપવા માટે રચાયા છે. જેમકે ષોડશગ્રન્થો, શિક્ષાપદ્યાનિ વગેરે



(૪) કેટલાક ગ્રન્થો પ્રભુની સ્તુતિ રૂપે રચાયેલા છે. જેમકે શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્, શ્રીમધુરાષ્ટકમ્ વગેરે

આ સર્વ ગ્રન્થો વિશિષ્ટ છે; પરન્તુ એમાં પણ પુષ્ટિસાધનાના અંગ રૂપ વિવિધ વિષયોની સ્પષ્ટ સમજ આપનારા હોવાથી ષોડશગ્રન્થો અત્યન્ત મહત્ત્વના છે.

## ષોડશગ્રન્થ

ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ તથા શરણાગતિના અંગ રૂપ વિવિધ વિષયોને સ્પષ્ટ કરવા માટે શ્રીમહાપ્રભુજીએ નાના નાના સોળ ગ્રન્થોની રચના કરી છે. આ સોળ ગ્રન્થોનો સમૂહ ષોડશગ્રન્થના નામે ઓળખાય છે. સર્વ પ્રથમ આપણે આ સોળ ગ્રન્થોને ક્રમમાં યાદ કરી લઇએ.

(૧) શ્રીયમુનાષ્ટક (૨) બાલબોધ (૩) સિદ્ધાન્તમુક્તાવલી (૪) પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

(૫) સિદ્ધાન્તરહસ્ય (૬) નવરત્ન (૭) અન્તઃકરણપ્રબોધ (૮) વિવેકધૈર્યાશ્રય

(૯) શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર (૧૦) ચતુઃશ્લોકી (૧૧) ભક્તિવર્ધિની (૧૨) જલભેદ

(૧૩) પંચપદ્યાનિ (૧૪) સંન્યાસનિર્ણય (૧૫) નિરોધલક્ષણ (૧૬) સેવાફલ

આગળના ક્રમમાં આપણે એક એક ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કરીશું.

પાઠ ૨

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧

## શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય

શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય આત્મજ શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય વિક્રમ સંવત્ ૧૫૭૨ માં માગશર (વ્રજ મહિના પ્રમાણે પોષ) વદ નવમીનાં શુભદિને કાશી પાસે ચરણાટ ગામમાં થયું.

શ્રીવલ્લભાચાર્યજીના પરિવારજનો તથા અનન્ય સેવકો અત્યન્ત પ્રસન્નતાથી આપશ્રીના દ્વિતીય લાલજીના પ્રાકટ્ય ઉત્સવને ઉજવી રહ્યા હતા તે સમયે જ રામાનુજ સમ્પ્રદાયના એક બ્રાહ્મણ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને વિનંતી કરી કે 'મહારાજ ! મે ગંગાજીનાં કિનારે બાર વર્ષ સુધી સતત વિષ્ણુસહસ્રનામનો જપ કર્યો. ત્યારે મને ગંગાજીમાંથી ભગવદ્ વાણી સંભળાઈ, તુ ચરણાટ જા ત્યાં હું પ્રકટ થયો છું. તેથી હું આપની પાસે આવ્યો છું. મારી પાસે શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ છે. તે આપ પધરાવો અને મને પ્રભુના દર્શન કરાવો.'

ત્યારે શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયાં અને દામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી 'દમલા ! શ્રીઠાકોરજી આજે સેવક બની પુત્ર રૂપે અને સેવ્ય બની શ્રીવિઠ્ઠલનાથજી સ્વરૂપે પધાર્યા છે. માટે લાલજીનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખું છું.'

પછીથી શ્રીવિઠ્ઠલનાથજી; શ્રીગુસાંઈજી નામે પણ પ્રસિદ્ધ થયા. આમ શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટ્ય સમયે અનેરો આનન્દ છવાઇ રહ્યો. ત્યાર પછી શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીને અગિયારમા દિવસે શરણદીક્ષા આપી.

## બાલક્રીડા

શ્રીવિઠ્ઠલેશની બાલ્યાવસ્થાનો એક સુંદર પ્રસંગ છે – શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલેશને ખેલવા માટે શ્રીબાલકૃષ્ણલાલનું એક સુંદર સ્વરૂપ પધરાવી આપ્યું હતું અને પ્રભુને ભોગ ધરવા માટે એક ઠોર પણ તેઓશ્રીને આપવામાં આવતો.

એક વખત શ્રીવિઠ્ઠલનાથજીએ પ્રભુને ઠોર ભોગ ધર્યો અને શ્રીબાલકૃષ્ણલાલ તો શ્રીવિઠ્ઠલેશની સામે જ તે ઠોર આરોગવા લાગ્યા. આ દર્શન થતાં જ શ્રીવિઠ્ઠલેશે વિચાર્યું કે 'જો બધો જ ઠોર પ્રભુ આરોગી જશે તો મારા માટે તો કંઇ રહેશે જ નહિં.' આમ વિચારીને આપે તરત જ શ્રીઠાકુરજીના શ્રીહસ્તમાંના ઠોરને પકડી લીધો.



હવે તો અદ્દભુત લીલા થઇ. એક તરફ શ્રીબાલકૃષ્ણલાલ ઠોર ખેંચે તો બીજી બાજુ શ્રીવિઠ્ઠલેશ ઠોર ખેંચે. તે સમયે શ્રીમહાપ્રભુજી આ દર્શન કરીને પ્રભુની શ્રીવિઠ્ઠલેશ પર આવી કૃપા નિહાળીને અત્યન્ત પ્રસન્ન થયા. ત્યાર પછી શ્રીવલ્લભે સમાધાન કરતા કહ્યું - 'પુત્ર ! આ લડાકુ ઠાકુર છે આપ તેમને પહોંચી નહિ શકો. હવેથી આપને બે ઠોર મળશે - એક પ્રભુ માટે અને એક આપના માટે.'

આવી અનેક અદ્દભુત બાલક્રીડાઓ કરતા કરતા શ્રીવિઠ્ઠલેશ મોટા થઇને પુષ્ટિમાર્ગના પ્રતાપી આચાર્ય થયા.

## પાઠ ૩

# ગ્રન્થપરિચય : ૧ શ્રીયમુનાષ્ટકમ્

ષોડશગ્રન્થનો પ્રથમ ગ્રન્થ છે - શ્રીયમુનાષ્ટકમ્.

### સ્તોત્રરચના પ્રસંગ

શ્રીમહાપ્રભુજી વ્રજયાત્રા કરતી વખતે શ્રીયમુનાજીના કિનારે શ્રીગોકુલ ગામના મૂલ સ્થાનની શોધ કરતા કરતા પરિભ્રમણ કરી રહ્યા હતા. તે સમયે શ્રીયમુનાજીએ સાક્ષાત્ પ્રકટ થઈને પ્રભુની લીલા સમયના મૂળ ગોકુલનું સ્થાન શ્રીમહાપ્રભુજીને બતાવ્યું. ત્યારે પ્રફૂલ્લિત હૃદયે શ્રીઆચાર્યચરણના શ્રીમુખમાંથી શ્રીયમુનાજીની જે સ્તુતિ પ્રકટ થઈ તે શ્રીયમુનાષ્ટકમ્.

### સ્તોત્રની વિશેષતા

શ્રીયમુનાજીની સ્તુતિ તો આચાર્યશ્રી પહેલા પણ અનેક ભક્તોએ કરી છે. પરન્તુ શ્રીયમુનાજીનું **પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય** તો શ્રીમહાપ્રભુજીએ જ પ્રકટ કર્યું છે. તેથી શ્રીયમુનાજીની અન્ય સ્તુતિઓ કરતા શ્રીયમુનાષ્ટક વિશિષ્ટ છે.

### શ્લોકસંખ્યા

શ્રીયમુનાષ્ટકમાં નવ શ્લોક છે. આઠ શ્લોકમાં શ્રીયમુનાજીના આઠ ઐશ્વર્યોનું વર્ણન છે અને નવમા શ્લોકમાં શ્રીયમુનાષ્ટકના ફલનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

### ગ્રન્થસાર

(૧) શ્રીયમુનાજી; ભગવાન્ શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓમાં ઉપયોગી છે અને જીવમાં ભગવદ્ભાવ વધે તે પ્રકારની સર્વ ભક્તિમાર્ગીય સિદ્ધિઓ આપનારા છે.

(૨) શ્રીયમુનાજી ભગવાન્ શ્રીકૃષ્ણમાં સ્નેહને વધારનારા છે.

(૩) શ્રીયમુનાજી ભૂતલ પર પધારીને લોકને પવિત્ર કરે છે.

(૪) શ્રીયમુનાજી અનન્ત ગુણોથી યુક્ત અને બ્રહ્માજી શિવજી વડે સ્તુતિ કરાયેલા છે.

(૫) ગંગાજી પણ શ્રીયમુનાજીના સંગને કારણે જ પ્રભુને પ્રિય કરનારા અને પોતાના સેવકોને ભક્તિમાર્ગીય સિદ્ધિઓ આપનારા થયા છે.

(૬) શ્રીયમુનાજીની કૃપાથી જે રીતે ગોપીજનો પ્રભુને પ્રિય થયા તે રીતે જીવ; પ્રભુને પ્રિય બને છે.

(૭) ભક્ત મનની અભિલાષા છે કે શ્રીયમુનાજીની સન્નિધિમાં; જેનાથી ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ સુલભ થાય છે તેવું, તનુનવત્વ પ્રાપ્ત થાઓ.

(૮) પ્રભુના સમ્પૂર્ણ શ્રીઅંગમાંથી પ્રકટ થતા આનન્દનો જેમને સંગ છે તેવા શ્રીયમુનાજીની કથા તો સર્વથી અધિક છે.

(૯) જે શ્રીયમુનાષ્ટકનો પાઠ સદા પ્રસન્નતાપૂર્વક કરે છે તેને ભગવાન્ શ્રીકૃષ્ણમાં અનન્ય ભક્તિ સિદ્ધ થાય છે અને તેના પર પ્રભુ પ્રસન્ન થાય છે; એમ શ્રીહરિના પ્રિય શ્રીવલ્લભ કહે છે.

## પાઠ ૪

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર : ૨

### દીક્ષા તથા વિદ્યાપ્રાપ્તિ

શ્રીવિઠ્ઠલનાથજીનો વિદ્યાભ્યાસ પિતાશ્રી શ્રીવલ્લભાચાર્યજીના માર્ગદર્શનમાં થયો. શ્રીવિઠ્ઠલનાથજીનો યજ્ઞોપવીત સંસ્કાર આઠ વર્ષની વયમાં; વિક્રમ સંવત્ ૧૫૮૦ - ચૈત્ર શુક્લ નોમ (રામ નવમી)ના શુભદિને આચાર્યચરણ દ્વારા સમ્પન્ન થયું. તે સમયે જ બ્રહ્મસંબંધમંત્રદીક્ષા પણ શ્રીઆચાર્યચરણે શ્રીવિઠ્ઠલેશને પ્રદાન કરી. શ્રીવિઠ્ઠલેશનો બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશ થતા શ્રીઆચાર્યજીએ સ્વયં આપશ્રીને ચાર વેદ અને અવધારણ વિદ્યા (જે કંઇ વાંચવા અને સાંભળવામાં આવે તે સમ્પૂર્ણ વિના પ્રયાસે હંમેશા યાદ રહી જાય તેવી વિદ્યા) વગેરે શીખવ્યા. ત્યાર પછી આપશ્રીએ વિશેષ અધ્યયન શાંકરમતના પ્રકાંડ વિદ્વાન્ શ્રીમધુસૂદન સરસ્વતી પાસે કર્યું.



### ઉત્સવના પ્રકારનું જ્ઞાન

શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહલીલા પછી એક વખત શ્રીગુસાંઇજીએ અક્કાજી (માતાશ્રી શ્રીમહાલક્ષ્મીજી) ને પૂછ્યું - શ્રીઆચાર્યજીએ માર્ગ પ્રકટ કર્યો છે, તો ઉત્સવનો શું પ્રકાર છે ? મને તો કંઇ ખબર નથી. ત્યારે માતાશ્રીએ કહ્યું - માર્ગ અને ઉત્સવનો સર્વ પ્રકાર દામોદરદાસ હરસાનીજીને કહ્યો છે તેમને પૂછો. ત્યારે શ્રીગુસાંઇજી દામોદરદાસજીના ઘરે પધાર્યા. દામોદરદાસજીએ ખૂબ સન્માન કરીને ભક્તિભાવથી આપશ્રીને પોતાના ઘરે પધરાવ્યા અને ઉત્સવનો સર્વ પ્રકાર આપશ્રીને જણાવ્યો.

એક વખત દામોદરદાસ હરસાનીજીના પિતાના શ્રાદ્ધ વખતે શ્રીગુસાંઇજી તેમના ઘરે પધાર્યા

ત્યારે શ્રાદ્ધની દક્ષિણા રૂપે દામોદરદાસજીએ શ્રીગુસાંઇજીને સિદ્ધાન્તરહસ્યના ડોઢ શ્લોકનું વ્યાખ્યાન કહ્યું. તે પછી દામોદરદાસજીએ શ્રીસુબોધિનીજી, શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોનું વિવરણ અને માર્ગના સિદ્ધાન્તો શ્રીગુસાંઇજીને કહ્યા.

## શ્રીવલ્લભના ગ્રન્થોની પ્રાપ્તિ

એક વખત શ્રીગુસાંઇજીએ અક્કાજી (માતાશ્રી) ને પૂછ્યું કે - માર્ગની વાતો તો દામોદરદાસજી દ્વારા જાણી; પરન્તુ શ્રીઆચાર્યજીના ગ્રન્થો ક્યાં મળશે ? ત્યારે માતાશ્રીએ ઉત્તર આપ્યો - આગરામાં કન્હૈયાશાલ ક્ષત્રી પાસે ગ્રન્થ છે ત્યાંથી લઇ લો. ત્યારે શ્રીગુસાંઇજી કન્હૈયાશાલના ઘરે પધાર્યા. કન્હૈયાશાલે ખૂબ જ સ્નેહથી આપશ્રીને પધરાવ્યા. પછી શ્રીગુસાંઇજીએ કન્હૈયાશાલ પાસેથી શ્રીમહાપ્રભુજીના સર્વ ગ્રન્થોનો અભ્યાસ કર્યો. ત્યાર પછી તે ગ્રન્થો પર વિવરણ રચી આપશ્રીએ કૃપા કરીને કન્હૈયાશાલને સમજાવ્યા અને સ્વયં રચેલા ગ્રન્થો પણ કન્હૈયાશાલને આપશ્રીએ સમજાવ્યા.

આ રીતે શ્રીગુસાંઇજીએ શ્રીઆચાર્યચરણ વિરચિત પુષ્ટિમાર્ગીય ગ્રન્થો પ્રાપ્ત કર્યા અને સ્વયં પણ પુષ્ટિમાર્ગના વિકાસ માટે વિવિધ ગ્રન્થોની રચના કરી.

## પાઠ ૫

## શ્રીવિઠ્ઠલેશચરિત્ર : ૩

### શ્રીવલ્લભ અને શ્રીવલ્લભનન્દન એક સમાન

પહેલા દામોદરદાસ હરસાનીજી ; શ્રીગુસાંઇજીની અડધી ગાદી દાબીને બેસતા. ત્યારે એક દિવસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ જોયું. તેથી શ્રીઆચાર્યજીએ દામોદરદાસજીને પૂછ્યું કે દમલા ! તુ શ્રીગુસાંઇજીને શું સમજે છે ? ત્યારે દામોદરદાસે જવાબ આપ્યો - મહારાજ ! હું તો આમને આપના પુત્ર તરીકે જાણું છું. શ્રીઆચાર્યજીએ કહ્યું - જેમ તુ મને જાણે છે તેવું જ શ્રીગુસાંઇજીનું સ્વરૂપ જાણજે. ત્યારથી દામોદરદાસજી શ્રીગુસાંઇજી અને શ્રીમહાપ્રભુજીને એક જાણતા થયા. તેથી જ શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ છે - स्ववंशेस्थापिताशेषस्वमाहात्म्यः - શ્રીવલ્લભ પોતાના વંશમાં પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપિત કરનારા છે.

### શ્રીગુસાંઇજીની પ્રભુતા

એક સમયે મથુરામાં પાંચ ચોબાઓની ટોળકી હતી. તે બધા લોકોને હેરાન કરતા. તે ટોળકીનો સરદાર હતો છીતુ ચૌબે. એક વખત તે સહુએ મળીને વિચાર્યું કે ગોકુલમાં શ્રીગુસાંઇજી છે તે સહુને પોતાના વશમાં કરી લે છે તો ચાલો ગોકુલમાં શ્રીગુસાંઇજીની સામે જઇને આપણે કુટિલ વિદ્યા કરીએ. ત્યારે તેમણે એક ખાલી નારિયલ (પાણી વગરનો) લીધો, તેમાં રાખ ભરી અને એક ખોટો રૂપિયાનો સિક્કો લીધો. પછી પાંચે જણા ગોકુલ પહોંચ્યા. છીતુએ કહ્યું સહુથી પહેલા હું જઇને મારી કુટિલ વિદ્યા કરી આવું પછી તમે અંદર આવજો. તે સમયે શ્રીગુસાંઇજી બિરાજીને પુસ્તક જોઇ રહ્યા હતા. છીતુને તો શ્રીગુસાંઇજીના દર્શન સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે થયા. મનમાં પશ્ચાત્તાપ થયો - અરે હું તો મશ્કરી કરવા આવ્યો હતો, આ તો



સાક્ષાત્ ઇશ્વર છે. આમ વિચારી પોતે લાવેલું નારિયલ છુપાવીને શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીગુસાંઇજીએ પૂછ્યું - છીતસ્વામી; આનન્દમાં છો ! ? ઘણા દિવસે દેખાયા છો ! ત્યારે છીતસ્વામીએ હાથ જોડીને શ્રીગુસાંઇજીને વિનંતિ કરી - મહારાજ! હું આપનો છું, મને આપની શરણે લો. ત્યારે શ્રીગુસાંઇજીએ છીતસ્વામીને શરણે લીધા. છીતસ્વામી તો હવે ખોટો નારિયલ ભેટ ધરવાના ન હતા પરન્તુ શ્રીગુસાંઇજીએ આગ્રહપૂર્વક તે નારિયલ લઇને તેમાંથી બે ફાડ કરાવી એક ફાડમાંથી ગરી કઢાવી ત્યાં રહેલા સહુને વિતરિત કરી અને એક ફાડ છીતસ્વામીને આપી અને કહ્યું કે તમારી સાથે જે ચાર જણા છે તેમને આમાંથી આપી દેજો. શ્રીગુસાંઇજીની કૃપાથી છીતસ્વામી આપશ્રીના પરમ કૃપાપાત્ર ભગવદીય વૈષ્ણવ થયા. અનેક ઉત્તમ કીર્તનપદોની રચના કરી અને પ્રભુના અષ્ટસખામાં સ્થાન પામ્યા.

# પાઠ ૬

## ગ્રન્થપરિચય ૨ - બાલબોધઃ

ષોડશગ્રન્થનો દ્વિતીય ગ્રન્થ છે - બાલબોધ

### ગ્રન્થરચનાપ્રસંગ

બાલબોધ ગ્રન્થનો અભ્યાસ શ્રીમહાપ્રભુજીએ અંબાલા ગામના નારાયણદાસ કાયસ્થને કરાવ્યો હતો. નારાયણદાસ શ્રીઆચાર્યજીના સેવક બન્યા ત્યાર પછી તેઓ થોડો સમય; યાત્રામાં શ્રીઆચાર્યચરણની સાથે રહ્યા. થોડા સમય પછી જ્યારે શ્રીવલ્લભે નારાયણદાસને પાછા ઘરે જવાની આજ્ઞા કરી ત્યારે તેમણે વિનંતિ કરી, 'મહારાજ ! મારા પર એવી કૃપા કરો કે સંસારના સુખ - દુ:ખ મને બાધા ન કરે અને ચિત્ત શ્રીઠાકુરજીના ચરણારવિન્દમાં જ લાગેલું રહે.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ નારાયણદાસને ચરણામૃત આપ્યું અને બાલબોધ ગ્રન્થનું અધ્યયન કરાવ્યું.

ત્યાર પછી નારાયણદાસ પોતાના ઘરે આવ્યા અને બાદશાહને ત્યાં હાકિમ બનીને કામ કરવા લાગ્યા. અતિ વ્યસ્તતા રહેવા લાગી. શ્રીગોકુલ જઇને શ્રીમહાપ્રભુજીના દર્શન કરવાની ઇચ્છા ઘણી થતી. ત્યારે નારાયણદાસે પોતાની પાસે એક માણસ રાખ્યો એને કહ્યું ' તારું આ કામ છે કે મને થોડી થોડી વારમાં કહેવું કે - ભૈયાજી ! શ્રીગોકુલ શ્રીઆચાર્યજીકે દરસન કોં કબ ચલોગે ?' પછી જ્યારે જ્યારે તે માણસ એવું કહે તે સમયે નારાયણદાસ કહેતા 'હાં, અબ ચલુંગો.' નેત્રોમાં જલ આવી જતા અને લીલારસમાં મગન થઇ જતા. આ રીતે શ્રીમહાપ્રભુજીએ જેમને બાલબોધ ગ્રન્થનો ઉપદેશ કર્યો તે નારાયણદાસ કાયસ્થ; શ્રીમહાપ્રભુજીની કૃપાથી, ભગવદ્‌ભક્તિભાવમાં તન્મય થયા.

### ગ્રન્થક્રમસંગતિ

શ્રીયમુનાષ્ટક દ્વારા ષોડશગ્રન્થનું મંગલાચરણ કર્યા પછી પુષ્ટિમાર્ગીય  સાધનાનું જેને હજી વિશેષ જ્ઞાન નથી એવા અલ્પજ્ઞ સાધક માટે બાલબોધ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ અન્ય સર્વ સાધનાઓનો સાર સમજાવ્યો છે.

અન્ય મતના સાધકો દ્વારા ક્ષુદ્ર આકર્ષણ આપવામાં આવતા પ્રારંભિક સાધક પોતાના માર્ગ પરથી ભટકી શકે છે. તેથી અન્ય સાધનોનો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કરી લેવામાં આવે તો માર્ગ પરથી ભટકી જવાની સંભાવના ઓછી થઇ જાય અને પોતાની સાધનાની વિશેષતા સમજવામાં પણ ઉપયોગી થાય.

**શ્લોકસંખ્યા : ૧૯**

**ગ્રન્થસાર**

(૧) હરિ સદાનન્દ ભગવાન્ શ્રીકૃષ્ણને નમન કરીને શ્રીઆચાર્યચરણે ગ્રન્થનો પ્રારંભ કર્યો છે.

(૨) પુરૂષાર્થ ચાર છે – ધર્મ, અર્થ, કામ, મોક્ષ

(૩) આ ચારે પુરૂષાર્થ બે પ્રકારે વિચારાયેલા છે – જીવ વિચારિત અને ઈશ્વર વિચારિત

(૪) ઈશ્વર વિચારિત પુરૂષાર્થ વેદમાં કહેલા છે જ્યારે જીવ વિચારિત સ્મૃતિઓમાં કહેલા છે.

(૫) જીવવિચારિત મોક્ષના બે ભેદ છે– સ્વતઃ મોક્ષ અને પરતઃ મોક્ષ

(૬) સ્વતઃ મોક્ષ અન્તર્ગત સાંખ્યમાં ત્યાગ પૂર્વકની સાધના કહેવાઇ છે.

(૭) સ્વતઃ મોક્ષ અન્તર્ગત યોગમાં અત્યાગ પૂર્વકની સાધના કહેવાઇ છે.

(૮) પરતઃ મોક્ષમાં પણ બે પ્રકાર છે – વિષ્ણુ દ્વારા મોક્ષ અને શિવ દ્વારા મોક્ષ.

(૯) શિવ અને વિષ્ણુ પ્રતિ આશ્રય અને સમર્પણ ભાવ રાખવાથી તેઓ પ્રસન્ન થઇને મોક્ષ પ્રદાન કરે છે.

(૧૦) આ રીતે શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં **સર્વ સિદ્ધાન્તો**નું નિરૂપણ કર્યું છે. **સ્વસિદ્ધાન્ત** તો શ્રીકૃષ્ણભક્તિનો સિદ્ધાન્ત છે જેનું નિરૂપણ આગળના ગ્રન્થ સિદ્ધાન્તમુક્તાવલીમાં કરવામાં આવશે.

## પાઠ ૭

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૪

### શ્રીગોપીનાથજી પ્રત્યે સ્નેહ અને આદરભાવ

પોતાના મોટા ભાઇ શ્રીગોપીનાથજી પ્રત્યે શ્રીગુસાંઇજીને ખૂબ જ આદર અને સ્નેહનો ભાવ હતો. મંગલાચરણમાં શ્રીગોપીનાથજીને આપશ્રી વન્દન કરે છે -

યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ । તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ।।

જેમની કૃપાથી (પુષ્ટિ) જીવના સર્વ દુઃખો દૂર થાય છે; તે શ્રીવલ્લભનન્દન શ્રીગોપીનાથજીને હું સદા વન્દન કરૂં છું.

આ શ્લોકમાં શ્રીગુસાંઇજીનો; શ્રીગોપીનાથજી પ્રત્યેનો અહોભાવ સ્પષ્ટ જણાય છે.

### શ્રીગુસાંઇજીનો પરિવાર



વિક્રમ સંવત્ ૧૫૮૮માં કાશીના શ્રીવિશ્વનાથ ભટ્ટના સુપુત્રી શ્રીરુક્મિણીજી સાથે શ્રીગુસાંઇજીનો વિવાહ પ્રસ્તાવ જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગોપીનાથજીના સાન્નિધ્યમાં અત્યન્ત ઉત્સાહપૂર્વક સમ્પન્ન થયો. શ્રીરુક્મિણીવહુજીથી શ્રીગુસાંઇજીને છ પુત્ર (લાલજી) અને ચાર પુત્રીઓ (બેટીજી) થયા. શ્રીરુક્મિણીજીના નિત્યલીલા પ્રવેશ પછી ગઢા (જબલપુર) ના રાણી દુર્ગાવતીના અત્યન્ત આગ્રહને માન આપીને આપશ્રીના દ્વિતીય વિવાહ શ્રીપદ્માવતીજી સાથે સંવત્ ૧૬૨૦ના વૈશાખ સુદ ત્રીજના દિવસે ગઢામાં થયા. શ્રીપદ્માવતીવહુજીથી આપશ્રીને એક પુત્ર થયા.

શ્રીગુસાંઇજીના સાત પુત્ર (લાલજી) ના નામ આ પ્રમાણે છે

(૧)શ્રીગિરિધરજી (૨) શ્રીગોવિન્દરાયજી (૩) શ્રીબાલકૃષ્ણજી (૪) શ્રીગોકુલનાથજી

(૫)શ્રીરઘુનાથજી (૬)શ્રીયદુનાથજી (૭) શ્રીઘનશ્યામજી

અને શ્રીગુસાંઇજીના ચાર પુત્રી(બેટીજી) ના નામ

(૧) શ્રીશોભાબેટીજી (૨) શ્રીયમુનાબેટીજી (૩) શ્રીકમલાબેટીજી (૪) શ્રીદેવકાબેટીજી.

## શ્રીગુસાંઈજીના શિષ્ય

શ્રીગુસાંઇજીએ અનેક વૈષ્ણવોનો ઉદ્ધાર કર્યો તેમાંના ૨૫૨(બસોબાવન) વૈષ્ણવોની વાર્તા પ્રસિદ્ધ છે. આપશ્રીના પ્રથમ શિષ્ય નાગજી ભટ્ટ થયા.

શ્રીગુસાંઇજી અને આપશ્રીના વૈષ્ણવો વચ્ચે કેવો આત્મભાવપૂર્ણ સમ્બન્ધ છે તેનો એક સુંદર પ્રસંગ છે - એક સમયે શ્રીગુસાંઇજી શ્રીરૂક્મિણીવહુજી સાથે બિરાજ્યા હતા. વાતવાતમાં શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે 'બધા વૈષ્ણવો મારા છે. એ બધા મારા વિવિધ અંગોનાં વિવિધ સ્વરૂપ છે.' ત્યારે શ્રીરૂક્મિણીવહુજીએ પૂછ્યું ' ચાચા હરિવંશજી આપના ક્યા અંગનું સ્વરૂપ છે?' આપશ્રીએ કહ્યું કે 'હરિવંશ મારા નેત્રની કીકી છે.' થોડા સમય પછી જ્યારે શ્રીગુસાંઈજીને નેત્રમાં દુઃખાવો થયો ત્યારે શ્રીરૂક્મિણીવહુજીએ પૂછ્યું કે 'આપના નેત્ર કેમ દુઃખે છે ? ' આપશ્રીએ કહ્યું કે 'હરિવંશને આજે ગુજરાતનો પ્રવાસ કરતા ઠોકર વાગી છે. તેનો પગ ખૂબ દુઃખે છે તેથી મારા નેત્ર દુઃખે છે.' જ્યારે ચાચાજીને પગનું દુઃખ મટી ગયું ત્યારે શ્રીગુસાંઇજીના નેત્ર પણ દુઃખ રહિત બન્યા. આમ શ્રીગુસાંઇજી પોતાના વૈષ્ણવોની સતત સુધિ લેતા.

## પાઠ ૮

## શ્રીવિઠ્ઠલેશચરિત્ર : ૫

### પુષ્ટિમાર્ગ સ્થાપનમાં શ્રીગુસાંઇજીનું અમૂલ્ય યોગદાન

પિતાશ્રી જેવા જ પરમ વિદ્વાન્ આચાર્ય શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે પણ આચાર્યચરણની જેમ જ અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થોની રચના કરી છે. આપશ્રીએ શ્રીઆચાર્યજીના વિવિધ ગ્રન્થો પર ગ્રન્થતાત્પર્યને સ્પષ્ટ કરતા વિવેચન પણ કર્યા છે.

પુષ્ટિમાર્ગના માત્ર ગ્રન્થસાહિત્ય જ નહિ પરન્તુ અન્ય ક્ષેત્રો જેવા કે પુષ્ટિભક્તિસંગીત, કાવ્ય, ચિત્ર, પાકકલા, સાજસજ્જા, પુષ્પમાલા, વસ્ત્ર-આભૂષણ વગેરે વિવિધ કલાઓમાં પુષ્ટિમાર્ગની વિલક્ષણતા; જે આજે પણ અનુભવાય છે તે, શ્રીગુસાંઇજીને કારણે જ છે. તેથી જ આપણે ત્યાં કહેવાયું છે - અસ્મિન્ માર્ગે આચાર્યદ્વયમ્. અર્થાત્ પુષ્ટિમાર્ગમાં બે મુખ્ય આચાર્ય છે - શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ.

### શ્રીગુસાંઇજી રચિત ગ્રન્થો

શ્રીગુસાંઇજીએ નાના મોટા અનેક ગ્રન્થોની રચના કરી છે. તેમાંથી કેટલાક ગ્રન્થોના નામ આ પ્રમાણે છે -

સ્વતંત્ર ગ્રન્થો : વિદ્વન્મંડન, ભક્તિહેતુનિર્ણય, ભક્તિહંસ, નવ વિજ્ઞપ્તિઓ, શૃંગારરસમંડન, શ્રીસર્વોત્તમસ્તોત્ર - શ્રીવલ્લભાષ્ટક - શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત વગેરે.



વ્યાખ્યાઓ : ગીતાતાત્પર્ય, ગીતાહેતુનિર્ણય, ન્યાસાદેશ, સુબોધિની પર શ્રીટિપ્પણી.

ષોડશગ્રન્થના ત્રણ ગ્રન્થો શ્રીયમુનાષ્ટક, સિદ્ધાન્તમુક્તાવલી, નવરત્ન પર વિવરણ વગેરે સાહિત્ય શ્રીગુસાંઇજી દ્વારા પ્રકટ થયું છે.

### વિદ્વન્મંડન ગ્રન્થરચના

શ્રીગુસાંઇજી પાસે કાશી - અડેલ અને ગોકુલમાં બિરાજતા ત્યાં અનેક માયાવાદી પંડિતો શાસ્ત્રાર્થ કરવા માટે આવતા. તે સર્વને શ્રીગુસાંઇજી શાસ્ત્રાર્થમાં પરાજિત કરતા. એ ચિન્તનના આધારે શ્રીગુસાંઇજીને; સાકાર બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈતવાદ) મતને સ્પષ્ટ કરતો ગ્રન્થ રચવાની ઇચ્છા થઇ.

વાદગ્રન્થ લખવા માટે પૂર્વપક્ષનો વિચાર આવશ્યક હોય છે. આપશ્રીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી શાસ્ત્રના જ્ઞાતા ઉત્તમ વિદ્વાન્ હતા. તેથી શ્રીગુસાંઇજીની આજ્ઞાથી શ્રીગિરિધરજી; માયાવાદીની જેમ પૂર્વપક્ષ કરતા જાય અને શ્રીગુસાંઇજી તેમના પૂર્વપક્ષનું ખંડન કરીને બ્રહ્મવાદનો સિદ્ધાન્ત સ્થાપિત કરતા જાય. આ રીતે શ્રીગુસાંઇજીએ પરમ વિદ્વત્તાપૂર્ણ એવા વિદ્વન્મંડન ગ્રન્થની રચના કરી.

### ભક્તિહંસ – ભક્તિહેતુનિર્ણય ગ્રન્થરચના

મુરારિદાસ; શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર વૈષ્ણવ હતા. તેમણે એક વખત શ્રીગુસાંઇજીને વિનંતિપત્ર લખીને મોકલ્યો કે -'મહારાજ ! કોઇ એક ગ્રન્થ આપ એવો લખીને મોકલો કે જેનાથી વાદીઓનું મુખ મર્દન કરી શકું.' તે પત્ર વાંચીને શ્રીગુસાંઇજીએ પત્રના ઉત્તર સાથે ભક્તિહંસ ગ્રન્થ લખીને મોકલ્યો. ત્યારે મુરારિદાસે માથે ચઢાવી પત્ર અને ગ્રન્થ વાંચ્યા. પછી મુરારિદાસે ફરી શ્રીગુસાંઇજીને વિનન્તી લખી - 'મહારાજ ! આ ગ્રન્થ તો બહુ જ ઉત્તમ છે, સુંદર છે. પરન્તુ સમજવામાં કઠિનતા છે.' તે પત્ર શ્રીગુસાંઇજી પાસે આવ્યો. તે વાંચીને તેના પ્રતિ ઉત્તર રૂપે આપશ્રીએ ભક્તિહેતુનિર્ણય ગ્રન્થ લખીને મોકલ્યો. તે ગ્રન્થ વાંચીને મુરારિદાસ ખૂબ જ પ્રસન્ન થયા.

મુરારિદાસનો પુત્ર પણ મુરારિદાસ પાસે જ્ઞાન પ્રાપ્ત કરીને વિદ્વાન્ થયો અને મહારાષ્ટ્ર પ્રદેશમાં જઇને માયાવાદીઓ સાથે શાસ્ત્રાર્થ કરીને તેમને જીત્યા. ત્યારે માયાવાદી પંડિતો કહેવા લાગ્યા - 'અમારી આગળ આ ગુજરાતી જીત્યો, આશ્ચર્યની વાત છે !' ત્યારે તેમણે મુરારિદાસના પુત્રને પૂછ્યું - 'તમારો કયો સમ્પ્રદાય છે ?' ત્યારે તેણે જવાબ આપ્યો - 'અમારો વલ્લભી સમ્પ્રદાય છે. અમે શ્રીગુસાંઇજીના સેવક છીએ.' ત્યારે તે બ્રાહ્મણોએ જવાબ આપ્યો - 'આ વાત સાચી છે, શ્રીગુસાંઇજીએ પહેલા પણ માયાવાદનું ખંડન કર્યું છે.'

આ રીતે શ્રીગુસાંઇજીની કૃપાથી અને આપના ગ્રન્થોના અભ્યાસથી આપશ્રીના સેવકોને અતુલિત જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

## પાઠ ૯

# ગ્રન્થપરિચય ૩ - સિદ્ધાન્તમુક્તાવલી

ષોડશગ્રન્થનો તૃતીય ગ્રન્થ છે - સિદ્ધાન્તમુક્તાવલી

### ગ્રન્થરચનાપ્રસંગ

શ્રીવલ્લભાચાર્યચરણે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થની રચના અચ્યુતદાસ સનોઢિયા માટે કરી છે.

શ્રીમહાપ્રભુજીના સેવક થયા પછી અચ્યુતદાસજીએ શ્રીમહાપ્રભુજીને નિવેદન કર્યું કે 'મહારાજ ! મો પર ઐસી કૃપા કરો જો એકાન્તમેં બૈઠિકે માનસી સેવામેં મન લાગે (મહારાજ ! મારી પર એવી કૃપા કરો કે એકાન્તમાં બેસીને પ્રભુમાં સતત મન લાગેલું રહે તે પ્રકારની માનસી સેવામાં મન લાગી જાય).' ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને ચરણામૃત આપ્યું અને સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થની રચના કરીને તેમને અધ્યયન કરાવ્યું. પરિણામસ્વરૂપે અચ્યુતદાસજીનું મન સતત પ્રભુમાં લાગી ગયું; તેમને માનસી સિદ્ધ થઇ. તેઓ સદા ગોવિન્દકુંડ પાસે ગુફામાં રહેતા, નેત્ર ભગવદ્‌પ્રેમરસથી ભરેલા રહેતા.

શ્રીગુસાંઇજી અચ્યુતદાસજીને દર્શન આપવા અને તેમના દર્શન કરવા પધારતા. આપશ્રીને અચ્યુતદાસજીમાં શ્રીમહાપ્રભુજીના દર્શન થતા. શ્રીઆચાર્યચરણની કૃપાથી અચ્યુતદાસજી આવા ભગવદીય વૈષ્ણવ થયા.

### ક્રમસંગતિ

બાલબોધમાં શ્રીઆચાર્યજીએ સર્વસિદ્ધાન્તોનું નિરૂપણ કર્યું. હવે આપણે શ્રીઆચાર્યચરણને પ્રશ્ન કરીએ કે તો શ્રીઆચાર્યજી ! આપનો પોતાનો શાસ્ત્રસિદ્ધ મત શો છે ? આ પ્રશ્નનો ઉત્તર શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં સ્વસિદ્ધાન્તનું નિરૂપણ કરીને આપ્યો છે.

### શ્લોકસંખ્યા : ૨૧

### ગ્રન્થસાર

(૧) કૃષ્ણસેવા સદા કરવી જોઇએ.

(૨) ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્તનું પરોવાઇ જવું તે સેવા કહેવાય છે.

(૩) સેવાની ફલાવસ્થા માનસી છે. માનસી એટલે મનનું સતત પ્રભુમાં લાગી જવું.

(૪) તનુવિત્તજા (પોતાના તન-ધન થી કરાતી સેવા) જ માનસીને સિદ્ધ કરે છે. બીજા કોઇને ધન

આપીને સેવા કરાવવી નહિ કે બીજા પાસેથી ધન લઇને સેવા કરવી નહિ.

(૫) પરં બ્રહ્મ તો શ્રીકૃષ્ણ જ છે તેથી સેવા શ્રીકૃષ્ણની જ કરવી.

(૬) આ સમ્પૂર્ણ જગત બ્રહ્માત્મક છે. તેથી જો હૃદયમાં ભક્તિભાવ હોય તો સેવ્ય સ્વરૂપે ભગવાન્ શ્રીકૃષ્ણ આપણા ઘરમાં જ આપણી સેવાનો સ્વીકાર કરે છે.

(૭) ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કોઇ લૌકિક સ્વાર્થ માટે કરવી નહિ પરન્તુ પ્રભુના અંશ હોવાથી ભગવત્સેવા આપણું સ્વાભાવિક કર્તવ્ય છે તેમ જાણીને જ સેવા કરવી.

## પાઠ ૧૦

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૬

### સંગીતના ઉત્તમ જ્ઞાતા

શ્રીગુસાંઇજી સંગીતના ઉત્તમોત્તમ જ્ઞાતા હતા. તેથી જ આપનું નામ ગીતસંગીતસાગર પણ છે. આપશ્રી બાલ્યાવસ્થાથી જ વીણા વગાડવામાં અત્યન્ત કુશળ હતા. આપશ્રી વીણાવાદન કરતા ત્યારે અડેલમાં આસપાસથી હરણો તે સાંભળવા દોડી આવતા.

વીણા વગાડવાને કારણે આપશ્રીની આંગળીઓ કઠોર થઇ ગઇ હતી. એક વખત શ્રીમહાપ્રભુજીએ; બાલક શ્રીવિઠ્ઠલેશની આંગળી પર હાથ ફેરવીને કહ્યું - 'આ આંગળીઓ શ્રીઠાકુરજીની સેવા માટે છે. કઠોર આંગળીઓથી પ્રભુને પરિશ્રમ થાય.' તે જ સમયે શ્રીગુસાંઇજીએ વીણાવાદન કરવાનું છોડી દીધું; કેમકે પ્રભુની પ્રસન્નતાથી વિશેષ તો પુષ્ટિમાર્ગમાં કશું જ નથી.

### પ્રભુની સેવામાં સંગીતકલાનું યોજન

આપશ્રીએ સંગીતકલાને પ્રભુની સેવામાં સુંદર રીતે યોજિત કરી. આપશ્રીએ શ્રીનાથજીની સન્મુખ કીર્તન ક્રમમાં અષ્ટછાપ ભક્ત કવિમંડળની રચના કરી કીર્તનક્રમ સુવ્યવસ્થિત કર્યો. આ અષ્ટછાપમાં શ્રીમહાપ્રભુજીના ચાર સેવક કુંભનદાસજી, સૂરદાસજી, કૃષ્ણદાસજી અને પરમાનંદદાસજી તેમજ શ્રીગુસાંઇજીના ચાર સેવક ગોવિંદસ્વામી , છીતસ્વામી, ચતુર્ભુજદાસજી અને નંદદાસજી હતા.

શ્રીગુસાંઇજીએ સ્વયં પણ સંસ્કૃત અને વ્રજભાષામાં અનેક સુંદર પદરચનાઓ કરી છે.


### પ્રભુભક્તિ વિનાનું સંગીત કોડીનું

એક વખત ઉષ્ણકાલનો સમય હતો. શ્રીગુસાંઇજી ગોવિન્દઘાટ પર બિરાજી રહ્યા હતા. તેમની સાથે ગોવિન્દસ્વામી અને બીજા કેટલાક વૈષ્ણવો પણ હતા. તે સમયે તાનસેન આપશ્રીની પાસે આવ્યા.

શ્રીગુસાંઇજીએ કહ્યું - 'તાનસેન ! કંઇક કીર્તન ગાઓ. ત્યારે તાનસેને એક પદ ગાયું. તે સાંભળીને શ્રીગુસાંઇજીએ તાનસેનને બાદશાહના ગવૈયા જાણીને ૫૦૦ રૂપિયા આપ્યા અને વધારામાં એક કોડી પણ આપી.' તાનસેને પૂછ્યું - 'મહારાજ ! આ કોડી શા માટે આપી ?' ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું - 'તમે બાદશાહના ગવૈયા છો એટલે ૫૦૦ રૂપિયા આપ્યા અને તમે જે ગાયું એ સાંભળીને અમે આ કોડી તમને આપી.'

ત્યારે તાનસેને કહ્યું - 'મહારાજ ! મેં ગાયું તેના કરતા કંઇક વિશેષ સંભળાવો તો માનું કે

આપે જે મારી કોડીની કિંમત કરી તે યોગ્ય છે.'



ત્યારે શ્રીગુસાંઇજીએ ગોવિન્દસ્વામીને કહ્યું - 'ગોવિન્દદાસ ! કછુ કીર્તન ગાઓ.' ગોવિન્દસ્વામીએ સારંગ રાગમાં બે કીર્તન ગાયા. તાનસેન તે પદ સાંભળીને આશ્ચર્યચકિત થઇ ગયા. પછી હાથ જોડીને શ્રીગુસાંઇજીને વિનન્તી કરી - 'મહારાજ ! આમની સામે તો મારૂં ગાન એવું છે જાણે કે મખમલની સામે ટાટ(કંતાન).'

ત્યાર પછી શ્રીગુસાંઇજી પાસે નામદીક્ષા લઇને તાનસેને ગોવિન્દસ્વામી પાસેથી કીર્તન શીખ્યા અને શ્રીનાથજી સન્મુખ પણ કીર્તન કર્યા.

આ રીતે શ્રીગુસાંઇજીએ શીખ આપી કે - સંગીત પણ જો પ્રભુને સમર્પણભાવે કરવામાં આવે છે ત્યારે જ શ્રેષ્ઠ બને છે.

## પાઠ ૧૧

## શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૭

### શ્રીગુસાંઈજીના ૧૦૮ નામ – નામરત્નાખ્યસ્તોત્ર

એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીનાથજીનાં શૃંગાર કરી રહ્યા હતા. આપશ્રીના બાલકો આપની સાથે હતા. તે વખતે ત્યાં ઉપસ્થિત બાલકોમાં સહુથી નાના; આપના પાંચમા લાલજી શ્રીરઘુનાથજી હતા.

પ્રભુના શૃંગાર કરતા કરતા શ્રીગુસાંઇજીને શૃંગારની એક પેટીની જરૂર પડી. તે શૃંગારની પેટી બાજુમાં શૈયા મંદિરમાં હતી.

શ્રીગુસાંઇજીએ બાલકોને સંસ્કૃતમાં કહ્યું - **'मंजुषाम् आनय'** (= પેટી લાવો).

તે વખતે શ્રીરઘુનાથજી ખૂબ જ નાના હતા. તેમને 'પિતાશ્રીએ શું મંગાવ્યું છે' તે સમજ ન પડી; છતાં બાલ સહજ ઉત્સાહમાં સહુથી પહેલા દોડીને શૈયા મંદિરમાં પહોંચી ગયા. પરન્તુ ત્યાં જઇને ગુંચવાયા. તાતચરણે શું લાવવાનું કહ્યું છે તે તો ધ્યાને ન આવ્યું. ખાલી હાથે પાછા જાય તો મોટા ભાઇઓ મશ્કરી કરે. મનમાં ઉદ્વેગ થયો અને રડવા લાગ્યા.

પોતાના બાલકનો તાપ જોઇને શ્રીમહાપ્રભુજીએ તેમને સાક્ષાત્ દર્શન આપી શાંત કર્યા. શૃંગારની પેટી લઇ જવાની આજ્ઞા કરી, પોતાના વરદ હસ્ત શ્રીરઘુનાથજીના મસ્તકે પધરાવ્યા.



તત્કાલ શ્રીરઘુનાથજીના મુખમાંથી શ્રીનામરત્નાખ્યસ્તોત્ર નિઃસૃત થવા લાગ્યું ...

**यन्नामार्कोदयात् पापध्वान्तराशि: प्रशाम्यति ।**

**विकसन्ति हृदब्जानि तन्नामानि सदाश्रये ।।१।।**

અર્થઃ **જેમના નામ રૂપી સૂર્યના ઉદયથી પાપ રૂપી અન્ધકારનો સમૂહ નષ્ટ થાય છે અને ભક્તોના હૃદયકમલ વિકસિત થાય છે તેવા શ્રીગુસાંઇજીના નામોનો હું સદા આશ્રય કરૂં છું.**

આ શ્લોક બોલતા બોલતા શૃંગારની પેટી લઇને શ્રીરઘુનાથજી નિજમંદિરમાં પધાર્યા. ત્યારે શ્રીગુસાંઇજી અને સર્વ ભ્રાતાઓ આ દૃશ્ય જોઇ અને શ્લોકનું શ્રવણ કરીને અત્યન્ત પ્રસન્ન થયા.

આ રીતે શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીરઘુનાથજી દ્વારા શ્રીવિઠ્ઠલનાથજીના ૧૦૮ નામોનું નિરૂપણ જેમાં છે તેવું અત્યન્ત મનોહારી એવું નામરત્નાખ્યસ્તોત્ર પ્રકટ થયું. આ સ્તોત્ર દ્વારા શ્રીગુસાંઇજીના સ્વરૂપની અગાધતાનો અનુભવ થાય છે.

શ્રીરઘુનાથજી વિરચિત નામરત્નાખ્યસ્તોત્ર સિવાય પણ શ્રીગુસાંઇજીની સ્તુતિરૂપે અન્ય પણ ઘણુ સાહિત્ય પુષ્ટિમાર્ગીય પરમ્પરામાં રચાયું છે. મહાનુભાવ શ્રીહરિરાયજી આદિ પુષ્ટિમાર્ગીય આચાર્યો તથા અષ્ટસખા આદિ પરમ ભગવદીય વૈષ્ણવોએ શ્રીગુસાંઇજીની સુંદર વધાઇઓ રચી છે જેનું ગાન કરીને આજે પણ પુષ્ટિવૈષ્ણવો આનન્દિત થાય છે.

## પાઠ ૧૨

# ગ્રન્થપરિચય ૪ – પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ

ષોડશગ્રન્થનો ચતુર્થ ગ્રન્થ છે - પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

### ગ્રન્થક્રમસંગતિ

સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થ પછી ચતુર્થ ગ્રન્થ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ છે. શ્રીમહાપ્રભુજીએ સ્વસિદ્ધાન્તનું નિરૂપણ સિદ્ધાન્તમુક્તાવલીમાં કર્યું છે. આ સૃષ્ટિમાં લોકોના સ્વભાવ અને રૂચિ અલગ અલગ પ્રકારની હોય છે. તેથી બધા જ લોકો એક જ માર્ગ પર ચાલી શકતા નથી. તો પ્રશ્ન થાય કે સિદ્ધાન્તમુક્તાવલીમાં બતાવેલી સાધના કયા પ્રકારના જીવો માટે છે ? આ પ્રશ્નનો ઉત્તર પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાંથી પ્રાપ્ત થાય છે.

### ગ્રન્થવિષય

બ્રહ્મ (ઇશ્વર) જ પોતાના રમણ માટે આ સૃષ્ટિમાં વિવિધ રૂપો ધારણ કરે છે. જડ અને ચેતન સર્વ કાંઇ ભગવાનમાંથી જ પ્રકટ થયું છે. આપણે જોઇ શકીએ છીએ કે જડ અને ચેતન બન્ને સૃષ્ટિમાં ઘણી વિવિધતા રહેલી છે.

મનુષ્યોમાં પણ બધાના સ્વભાવ, રૂચિ, વેશ, ભાષા વગેરે એક સરખું નથી હોતું.

આ પ્રકારની વિવિધ પ્રકારની જીવસૃષ્ટિમાંથી પ્રભુની નિષ્કામ ભક્તિ કોણ કરી શકે છે? શાસ્ત્ર કહે છે જે જીવ પર પ્રભુની કૃપા હોય છે તે જ પ્રભુની ભક્તિ કરવા સમર્થ થાય છે. તેવા જીવને પુષ્ટિજીવ કહેવાય છે.

પુષ્ટિજીવ અન્ય જીવો કરતા કઇ રીતે જુદો છે ? તેનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં કર્યું છે. આ ગ્રન્થ સમ્પૂર્ણ પ્રાપ્ત થતો નથી. પરન્તુ જેટલો પ્રાપ્ત થાય છે તેમાંથી પુષ્ટિ નો વિષય પૂર્ણપણે સ્પષ્ટ થઇ જાય છે.

**શ્લોકસંખ્યા : સાડા ૨૫ શ્લોક**

### ગ્રન્થસાર

(૧) પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા આ ત્રણ જુદા જુદા માર્ગ છે.

(૨) પુષ્ટિ - પ્રવાહ -મર્યાદા માર્ગના ફલ પણ અલગ અલગ છે.

(૩) આ ત્રણે માર્ગનું અનુસરણ કરનારા જીવ, તેમના દેહ અને ક્રિયાઓ પણ અલગ અલગ છે.

(૪) પ્રભુ; માત્ર ઇચ્છાથી જ જેનું નિયમન કરે છે તે પ્રવાહમાર્ગ છે.

(૫) પ્રભુની ઇચ્છાની સાથે સાથે ભગવદ્‌વાણીરૂપ શાસ્ત્રવચનોથી જેનું નિયમન થાય છે તે મર્યાદામાર્ગ છે.

(૬) પ્રભુના સ્વરૂપથી જેનું નિયમન થાય છે તે પુષ્ટિમાર્ગ છે.

(૭) પ્રભુના સ્વરૂપમાં નિરુદ્ધ (બંધાયેલા) હોવાથી પુષ્ટિજીવોનો સ્વભાવ તથા તેમના દેહ અને ક્રિયાઓ ભગવદાશ્રય અને ભગવદ્‌ભક્તિને અનુકૂલ હોય છે.

(૮) પુષ્ટિજીવમાં બે પ્રભેદ છે -

(૧) શુદ્ધ પુષ્ટિજીવ (૨) મિશ્ર પુષ્ટિજીવ

(૯) મિશ્ર પુષ્ટિજીવ ત્રણ પ્રકારના હોય છે -

(૧) પુષ્ટિપુષ્ટિ (૨) મર્યાદાપુષ્ટિ (૩) પ્રવાહપુષ્ટિ

(૧૦) પુષ્ટિજીવ માટે ફલ તો સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ જ છે.

(૧૧) જે કોઇ એક માર્ગ પર ચાલવામાં રૂચિ નથી હોતી તે જીવો 'ચર્ષણી જીવ' કહેવાય છે. તે એક માર્ગ પરથી બીજા માર્ગ પર ભટકતા રહે છે.

## પાઠ ૧૩

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૮

### વલ્લભાખ્યાનની રચના


એક વખત શ્રીગુસાંઇજી અસારવામાં ભાઇલા કોઠારીના ઘરે પધાર્યા હતા. ત્યારે ભાઇલા કોઠારીએ પોતાના સઘળા કુટુંબને બ્રહ્મસમ્બન્ધદીક્ષા અપાવી દંડવત્ પ્રણામ કરાવ્યા. પછી તેઓ પોતાના જમાઇ ગોપાલદાસને દીક્ષા અપાવી દંડવત્ પ્રણામ કરાવવા લાવ્યા. તે સમયે ગોપાલદાસ નવ વરસના હતા અને તેઓ જન્મથી જ મૂંગા હતા.

શ્રીગુસાંઇજીએ પૂછ્યું – 'કોઠારી ! આ કોણ છે ?'

ભાઇલા કોઠારીએ શ્રીગુસાંઇજીને વિનન્તિ કરી – 'મહારાજ ! આ ગોમતીનો વર છે.'

શ્રીગુસાંઇજીએ હાસ્ય કરીને કહ્યું – 'ગોમતીનો વર તો સાગર છે અને આ બાલક તો સીધો - મુગ્ધ છે. તો જોડી કેવી રીતે થાય ?'

ભાઇલા કોઠારીએ શ્રીગુસાંઇજીને વિનન્તિ કરી – 'મહારાજ ! આ આપની કૃપાથી સાગર થઇ જશે.'



શ્રીગુસાંઇજીએ ; ભાઇલા કોઠારીનો જમાઇ જાણીને, ગોપાલદાસને પોતાના ગોદમાં બેસાડીને અધરામૃત ગોપાલદાસના મુખમાં આપ્યું. તરત જ ગોપાલદાસની બુદ્ધિ અતિ ઉજ્જ્વલ (તેજસ્વી) બની ગઇ.

ત્યારે ગોપાલદાસે શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરીને શ્રીવલ્લભાખ્યાનનો પ્રારંભ કર્યો –

**વંદૂ શ્રીવિઠ્ઠલવર નવઘનશ્યામ તમાલ ।**
**જગતીતલ ઉદ્ધાર કરેવા પ્રગટ્યા પરમ દયાલ ॥**

આ સંપૂર્ણ આખ્યાન ગોપાલદાસે શ્રીગુસાંઇજીની આગળ ગાઇ સંભળાવ્યું. ત્યારે શ્રીગુસાંઇજી અને ભાઇલા કોઠારી અત્યન્ત પ્રસન્ન થયા.

પછી શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી - 'ગોપાલદાસ ! શ્રીઆચાર્યજીના ગુણગાન કરો.'

ત્યારે ગોપાલદાસે ફરી શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરીને બીજા આખ્યાનનો પ્રારંભ કર્યો - શ્રીલક્ષ્મણસુત શ્રીવલ્લભરાયજી, સ્મરણ કરતા દુષ્કૃત જાયજી ।

આ આખ્યાન ગોપાલદાસે શ્રીગુસાંઇજી આગળ ગાયું, ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું - 'હવે આ ગોમતીનો વર સાગર થયો.' ત્યાર પછી બીજા સાત આખ્યાન ગોપાલદાસે કર્યાં. એ રીતે શ્રીવલ્લભાખ્યાનમાં કુલ નવ આખ્યાન થયા.

આ રીતે શ્રીગુસાંઇજીની કૃપાથી ગોપાલદાસને વાણી સ્ફૂરી અને અતિ મનોહારી એવું શ્રીવલ્લભાખ્યાન પ્રકટ થયું જેનું ગાન કરીને આજે પણ વૈષ્ણવો આનન્દિત થાય છે.

## પાઠ ૧૪

### શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૯

### અગ્નિ સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશ

શ્રીવિઠ્ઠલેશ પ્રભુ દૈવીજીવોને શરણે લેવા માટે જુદા જુદા સ્થળે પધારતા અને મુકામ કરતા. એવામાં શીતકાલનાં દિવસો હતા. યાત્રા કરતા ગઢા શહેર બહાર એક સુંદર સરોવર પાસે આપશ્રીએ મુકામ કર્યો. ત્યાંના રાણી દુર્ગાવતી લીલાનો દૈવી જીવ છે તે જાણીને અહીં મુકામ કર્યો હતો. સવાર થતાં સ્નાનજલ, રસોઇ વિગેરે માટે અગ્નિની આવશ્યકતા પડી. એ જમાનામાં અગ્નિ નવેસરથી પ્રકટાવવો સરલ ન હતો. બીજેથી લાવીને તેની મદદથી પ્રકટાવવામાં આવતો.



શ્રીગુસાંઇજીએ સાથેના ભટ્ટજીને સવારના પહોરમાં ગઢા નગરમાં અગ્નિ લઇ આવવા માટે મોકલ્યા. ત્યાંની ભાષા તો તેઓ જાણતા નહિ અને પોતાની તેલુગુ ભાષામાં - 'ઇસ્તુ ઇસ્તુ' બોલતા બધે ફર્યા. બધેથી જવાબ મળ્યો કે 'નથી, નથી.' તેઓ તો ગયા હતા તેવા પાછા ફર્યા. આપશ્રીને વિનંતિ કરી - 'મહારાજ; આ ગામમાં અગ્નિ નથી. બધા ના કહે છે.'

શ્રીગુસાંઇજીથી કહેવાઇ ગયું - 'શું આખા નગરમાં અગ્નિ ઓલવાઇ ગયો છે?' આટલું કહેતા માત્રમાં આપશ્રીની વચન સિદ્ધિનાં પ્રતાપે ગામમાં સર્વત્ર અગ્નિ શાંત થઇ ગયો. તે જ ક્ષણે, આપશ્રીનાં મુકામે આપની ઇચ્છાથી અગ્નિ પ્રગટ થયો. પોતે અગ્નિ સ્વરૂપ હોવાથી સ્વયં પ્રગટ થયા.

ત્યાં તો ગઢા નગરમાં હાહાકાર મચી ગયો. આખા નગરમાં અગ્નિ સળગતો બંધ થયો. રાજમહેલમાં પણ અગ્નિ ઓલવાઇ ગયો. આ વાત રાણી દુર્ગાવતી સુધી પહોંચી.

રાણી દુર્ગાવતી દૈવી જીવ હતા અને સ્વભાવ શ્રદ્ધાશીલ હતો. તેથી જાણી ગયા કે 'કોઇ સિદ્ધ પુરૂષનો અહીં અપરાધ થયો હોવો જોઇએ.' રાણીએ ઘોડેસવારોને દોડાવ્યા કે 'આસપાસ કોઇ આવ્યું છે ?' ત્યાં તો જાણ થઇ કે ગામ બહાર એક મુકામ છે, ત્યાં અગ્નિ પ્રકટ છે. ત્યારે રાણી દુર્ગાવતી પગે ચાલીને આપશ્રીનાં મુકામે આવી પહોચ્યા.

આપનાં અલૌકિક દર્શન થતાં જ ચરણારવિંદમાં દંડવત્ પ્રણામ કર્યા અને વિનંતિ કરી - 'પ્રભુ ! આ નગર પર કૃપા કરો.' શ્રીગુસાંઇજી પૂછે છે - 'રાણી! શું વાત છે?'

રાણી કહે છે - 'મારી પ્રજા અગ્નિ વિના દુઃખી થઇ ગઇ છે. આપનો કોઇ અપરાધ થયો લાગે છે. આપ કૃપા કરો તો પ્રજાનું દુઃખ દૂર થાય.'

આપશ્રીએ વચન ઉચ્ચાર્યુ - 'રાણી; જાઓ નગરમાં અગ્નિ પ્રગટ થયો છે.' એટલામાં ખબર આવી કે નગરમાં અગ્નિ પ્રકટ થયો છે. પ્રજાનું દુઃખ દૂર થયું છે.

રાણીને સંપૂર્ણ શ્રદ્ધા બેસી ગઇ. ઉપરાંત આપશ્રીનાં સ્વરૂપમાં અલૌકિક દર્શન થયું અને ભક્તિભાવ પ્રગટ્યો. ત્યારે રાણીએ વિનંતિ કરી - 'મહારાજ ! પ્રજાના ઘરમાં દીવો પ્રગટાવ્યો, એવો મારા હૃદયમાં પ્રકાશ પ્રગટાવો અને મને શરણે લો.' ત્યારે આપશ્રીએ રાણી દુર્ગાવતીને અષ્ટાક્ષર મંત્રનું દાન કર્યું અને બીજા દિવસે વ્રત કરાવી બ્રહ્મસમ્બન્ધ આપ્યું.

આ પ્રસંગમાં શ્રીગુસાંઇજીની અલૌકિક તેજસ્વિતાના દર્શન થાય છે.

## પાઠ ૧૫

# ગ્રન્થપરિચય ૫ - સિદ્ધાન્તરહસ્યમ્

ષોડશગ્રન્થનો પાંચમો ગ્રન્થ છે - સિદ્ધાન્તરહસ્ય.

### ગ્રન્થરચનાપ્રસંગ

એક સમયે શ્રાવણ શુક્લ પક્ષ એકાદશી(પવિત્રા એકાદશી)ની રાત્રિના શ્રીમહાપ્રભુજી શ્રીમદ્‌ગોકુલ ના ગોવિન્દઘાટ પર બિરાજી રહ્યા હતા. તે વખતે આપશ્રીને ચિન્તા થઇ કે 'શ્રીઠાકુરજીએ આજ્ઞા આપી છે કે - જીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવો. પરન્તુ જીવ તો દોષ સહિત છે અને પૂર્ણપુરુષોત્તમ તો ગુણનિધાન છે; આવામાં સમ્બન્ધ કેમ થાય ?' ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે સાક્ષાત્ પ્રકટ થઇને શ્રીઆચાર્યચરણને બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર પ્રદાન કર્યો.

તે વખતે આપશ્રીની પાસે દામોદરદાસ હરસાનીજી પણ હતા. શ્રીવલ્લભે તેમને પૂછ્યું - 'દમલા ! તેં કછુ સુન્યો ?' હરસાનીજીએ જવાબ આપ્યો 'મહારાજ ! સુન્યો તો સહિ પરિ સમુજ્યો નાહિ.' ત્યારે શ્રીઆચાર્યચરણે હરસાનીજીને પ્રભુની આજ્ઞા કહી સંભળાવી અને તેમને જ પ્રથમ બ્રહ્મસમ્બન્ધમન્ત્રથી દીક્ષિત કર્યા.

આ પ્રસંગના અનુસન્ધાને શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થની રચના કરી.

### ક્રમસંગતિ

આ પહેલાના ગ્રન્થ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદમાં બતાવેલા પુષ્ટિજીવ હોવાના લક્ષણો જે જીવમાં હોય તે પુષ્ટિમાર્ગીય મુખ્ય સાધના શ્રીકૃષ્ણસેવામાં પ્રવૃત્ત થવાની ઇચ્છા કરે છે. ત્યારે તે પુષ્ટિમાર્ગીય મુખ્ય સાધના રૂપ ભગવત્સેવા કરવા માટેની યોગ્યતા કઇ રીતે પ્રાપ્ત થાય તેનું નિરૂપણ સિદ્ધાન્તરહસ્યમાં કરવામાં આવ્યું છે.

**શ્લોકસંખ્યા : સાડા ૮ શ્લોક.**

### ગ્રન્થસાર

(૧) ભગવાન શ્રીકૃષ્ણે સાક્ષાત્ પ્રકટ થઇને જે આજ્ઞા કરી તેનું અક્ષરશઃ નિરૂપણ સિદ્ધાન્તરહસ્યમાં કરવામાં આવ્યું છે.

(૨) બ્રહ્મસમ્બન્ધદીક્ષા દ્વારા દેહ-જીવની શુદ્ધિ થાય છે અને ભગવત્સેવા માટેની યોગ્યતા સિદ્ધ થાય છે.

(૩) બ્રહ્મસમ્બન્ધ સિવાયના જ્ઞાન કર્મ તપ દાન વગેરે અન્ય કોઇ પણ ઉપાયોથી ભગવત્સેવા યોગ્ય શુદ્ધિ થઇ શકતી નથી.

(૪) જેણે આત્મનિવેદન કર્યું છે તેણે સર્વ પ્રથમ સર્વ વસ્તુ પ્રભુને સમર્પિત કરીને પછી જ સર્વ વ્યવહાર કરવા.

(૫) આપણે પોતે જેમાંથી પહેલા લઇ લીધું હોય તેવું અર્ધભુક્ત (સામિભુક્ત); દેવોના પણ દેવ એવા પરમ માહાત્મ્યશાલી ભગવાન્ શ્રીકૃષ્ણને ન સમર્પવું.


(૬) જેમ સેવક પોતાના સ્વામીની આજ્ઞા લઇને સર્વ વ્યવહાર કરે છે તે રીતે પ્રભુના અધીનતાની ભાવના રાખીને સર્વ કાર્ય કરવા.

## પાઠ ૧૬

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૦

### સદાચારના ઉપદેશક

શ્રીગુસાંઇજી શ્રીગોકુલથી દ્વારકા; શ્રીરણછોડરાયજીનાં દર્શને પધારી રહ્યા હતા. ત્યારે રસ્તામાં એક ગામમાં મુકામ કર્યો. ત્યારે તે ગામની એક સ્ત્રીએ શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે - 'મહારાજ! મને કૃપા કરી શરણે લો.' ત્યારે શ્રીગુસાંઇજીએ તેમને દેવી જીવ જાણી નામદીક્ષા આપી શરણે લીધા.



આ સ્ત્રીનો દિકરો ગામનો મુખિયો હતો. એ ધાડ પાડતો, લુટફાટ કરતો, આવા પાપપૂર્ણ કામો કરતો. એ દિકરાએ શ્રીગુસાંઇજીનાં દર્શન કરતા જ તેની બુદ્ધિ ફરી ગઇ. તેણે શ્રીગુસાંઇજી પાસે આવીને કહ્યુ કે - 'મહારાજ! કૃપા કરી મને પણ શરણે લઇ સેવક કરો.'

ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યુ કે - 'તુ લુટફાટ કરે છે, તેથી અમે તને સેવક નહી કરીએ.' ત્યારે બે હાથ જોડી તેણે શ્રીગુસાંઇજીને વિનંતી કરી - 'મહારાજ! આજથી હું આ કામ છોડુ છું. ખેતી કરીશ, ચાકરી કરીશ, પરંતુ લુટફાટનું કામ સર્વથા નહી કરૂ.'

ત્યારે શ્રીગુસાંઇજી એની પર ખૂબ પ્રસન્ન થયા અને એને શરણે લઇ સેવક કર્યો. એને જોઇને આખુ ગામ શ્રીગુસાંઇજીનું સેવક થયું અને બધા ચોરીનું કામ છોડીને ખેતી કરવા લાગ્યા અને ઘરમાં રસોઇ કરતાં તેમાં પ્રભુનું ચરણામૃત પધરાવી પ્રસાદ લેતાં. આ રીતે શ્રીગુસાંઇજીની કૃપાથી આખું ગામ સદાચારી બન્યું.

## સત્યવચનના આગ્રહી


એક સમયે શ્રીગુસાંઇજી રાજનગર પધાર્યા હતા. ત્યારે ત્યાં ત્રણ મિત્રો હતા - માધવદાસ, સહજપાલ દોશી અને જીવુ પારેખ. તેમણે આપસમાં વિચાર કર્યો કે 'આપણે વેપારમાં જુઠું બોલીએ છીએ તો એનો દોષ લાગે કે નહી?' ત્યારે શ્રીગુસાંઇજીને વિનંતી કરી કે 'મહારાજ! અમે વેપારમાં જુઠું બોલીએ છીએ, એનો દોષ લાગે કે નહી?' શ્રીગુસાંઇજીએ કહ્યુ કે **'न अनृतात् पातकम् अपरम् इति'** અસત્યથી વધીને બીજું કોઇ પાપ નથી (કેમકે અસત્યની પાછળ પાછળ બીજા બધા જ દોષ આવે છે).

ત્યારે માધવદાસે નિવેદન કર્યું 'મહારાજ! આજ પછી હું જુઠું સર્વથા બોલીશ નહી. ગ્રાહકને સારી રીતે માલ અપાવીશ.'

આમ ત્રણેય મિત્રો સત્ય બોલતાં થયા. શ્રીઠાકુરજી તેમની પર પ્રસન્ન રહેતા. ત્રણે મળીને શ્રીઠાકુરજીનાં ગુણાનુવાદ ગાતા ગદ્દગદ્ થઇ જતા.

## લાગણીશીલ હૃદય

શ્રીગુસાંઇજીના હૃદયમાં જીવમાત્ર પર દયાનો ભાવ હતો. આપશ્રીની કરૂણાશીલતાના અનેક પ્રસંગો છે. તેમાંથી એક પ્રસંગ આપણે જોઇશું.



એક વખત એક અન્યધર્મી વૃદ્ધ સ્ત્રી(કુંજરી); જે શાકભાજી વેચીને પોતાનું ગુજરાન ચલાવતી તે, મથુરાથી આગ્રા જઇ રહી હતી. ઉનાળાના દિવસો હતા. અસહ્ય ગરમીથી તે વ્યાકુળ થઇ રહી હતી. ખૂબ તરસ લાગી. પાણી ન મળતા એક વૃક્ષ નીચે પડી ગઇ.

તે વખતે શ્રીગુસાંઇજી શ્રીગોકુલથી શ્રીગિરિરાજજી પધારી રહ્યા હતા. આપશ્રીએ

રસ્તામાં આ પીડિત સ્ત્રીને જોઇ. ત્યારે તેણે હાથથી શ્રીગુસાંઇજીને જણાવ્યું કે - હું તરસી છું. આપશ્રીએ ખવાસને આજ્ઞા કરી 'મારી ઝારીનાં જલથી તેના પ્રાણ બચાવો.' ખવાસે વિનંતિ કરી 'મહારાજ ! તેનાથી તેને જલ પાઇશ તો ઝારી છોવાઇ જશે.' ત્યારે આપશ્રીએ કહ્યું કે 'ઝારી બીજી આવશે પણ તેના પ્રાણ ક્યાંથી પાછા આવશે ? તેથી તરત જ જલ પીવડાવો.' ખવાસે આપશ્રીની આજ્ઞા પ્રમાણે શ્રીનવનીતપ્રિયજીનું મહાપ્રસાદી જલ તે બાઇને પીવડાવ્યું.

તે બાઇ સચેતન થઇ. તેની બુદ્ધિ નિર્મલ થઇ, તેને શ્રીગુસાંઇજીના દર્શન સાક્ષાત્ ભગવાન્ સ્વરૂપે થયા. તે બોલી કે 'કન્હૈયા વિશે સાંભળ્યું હતું આજે નજરો નજર જોયું.'

પછી તે બાઇ આગ્રા જવાનું ભૂલીને ગોકુલ આવીને રહી. પોતાની પાસે જે ભેગું થયેલું દ્રવ્ય હતુ; તેનાથી નિત્ય નવા નવા શાક-પાન, ફળ લાવે અને શ્રીગુસાંઇજીના સેવકોને અડધી કિંમતે આપે. આ રીતે તેણે પોતાનું દ્રવ્ય પ્રભુને અંગીકાર કરાવ્યું. જીવનનાં અંતિમ સમયે શ્રીગુસાંઇજીએ એની પાસે પધારી પોતાનું ચરણોદક તથા તુલસીની માળા અને અષ્ટાક્ષરમંત્ર આપી આ સ્ત્રીનો ઉદ્ધાર કર્યો.

## પાઠ ૧૭

## શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૧

### અનન્ય કૃષ્ણભક્તિના ઉપદેશક

શ્રીગુસાંઇજીની કૃપાથી આપશ્રીના સેવકોમાં ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રતિ અનન્ય ભક્તિભાવનો ઉદય થતો. એક વખત આગરાના એક બ્રાહ્મણ - બ્રાહ્મણી; કે જેઓ પહેલા દેવીભક્ત હતા તે, શ્રીગુસાંઇજીના શરણે આવ્યા. શ્રીગુસાંઇજીએ તેમને બ્રહ્મસમ્બન્ધનું દાન કર્યું. તે સમયે તે બન્નેને લીલા સહિત્ શ્રીનવનીતપ્રિયજીના દર્શન થયા.

પછી શ્રીગુસાંઇજી બેઠકમાં બિરાજ્યા ત્યારે બ્રાહ્મણ અને બ્રાહ્મણી શ્રીગુસાંઇજીને ભેટ ધરવા આવ્યા. બ્રાહ્મણીએ દ્રવ્ય અને દાગીના ભેટ ધર્યા જ્યારે બ્રાહ્મણે સાલિગ્રામ, દેવીની મૂર્તિ, ભાગવતની પોથી અને દુર્ગાપાઠની પોથી ભેટ કરી.

ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું - 'તમે બ્રાહ્મણ છો, પોતાની પૂજા અને પોથી શા માટે ભેટ કરો છો ?' ત્યો સ્ત્રી-પુરૂષે કહ્યું - 'મહારાજ ! અમે આને સર્વસ્વ જાણીએ છીએ તેથી અમે સમર્પણ કર્યું. સ્ત્રીનું સર્વસ્વ દ્રવ્ય હતું તેથી તે ભેટ કર્યું. હવે અમને આપના ચરણકમલનો આશ્રય છે. આપ બતાવશો તેમ કરીશું. જે પ્રકારે અમને પુષ્ટિમાર્ગનું ફલ પ્રાપ્ત થાય, અન્યાશ્રય ન થાય તેવો ઉપાય આપ કહો તે અમે કરીશું.'



આ સાંભળીને શ્રીગુસાંઇજી તે બ્રાહ્મણ પર અત્યન્ત પ્રસન્ન થયા. પછી સાલિગ્રામજીને પંચામૃત સ્નાન કરાવ્યા તે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ થયા, દેવીજીને સ્નાન કરાવ્યા તે

શ્રીસ્વામિનીજી થયા. તે શ્રીમદનમોહનજી-શ્રીસ્વામિનીજી બ્રાહ્મણ દંપતીને પધરાવીને શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી 'આ સ્વરૂપ પુષ્ટિમાર્ગીયનું સર્વસ્વ છે, આમની સેવા પુષ્ટિમાર્ગની રીત અનુસાર કરજો.'

પછી પોતે રચેલો શ્રીસર્વોત્તમસ્તોત્ર તેમને આપ્યો અને આજ્ઞા કરી 'આ સ્તોત્રના પાઠથી વેદ-પુરાણ-શ્રીભાગવત-ગીતા બધા જ શાસ્ત્રોનો પાઠ થયો સમજજો. આ બન્ને સ્વરૂપ (શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજી) પુષ્ટિમાર્ગના ફલરૂપ જાણજો.' ત્યારથી તે બ્રાહ્મણ-બ્રાહ્મણી; શ્રીમદનમોહનજી-શ્રીસ્વામિનીજીની સેવા અનન્યભાવથી અત્યન્ત પ્રીતિપૂર્વક કરવા લાગ્યા.

શ્રીગુસાંઇજીની તો સ્પષ્ટ જ આજ્ઞા છે -

**अन्याश्रयो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः**(શ્રીપ્રભુચરણ વિરચિતા ચતુઃશ્લોકી).

એટલે કે વૈષ્ણવે અન્યાશ્રય ક્યારે પણ ન કરવો; તે સર્વથા બાધક છે.

આ રીતે શ્રીગુસાંઇજીની કૃપાથી અન્ય દેવ -દેવીના ઉપાસકો પણ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ દ્વારા પુષ્ટિમાર્ગના ઉત્તમોત્તમ ફલના અધિકારી બન્યા.

અહીં શ્રીહરિરાયજીનું પદ અવશ્ય સ્મરણીય છે -

ઔર કોઉ સમજો સો સમજો હમકૂં ઇતની સમજ ભલી રી.

ઠાકુર નન્દકિશોર હમારે ઠકુરાઇન વૃષભાનલલી રી...

## પાઠ ૧૮

# ગ્રન્થપરિચય ૬ - નવરત્નમ્

ષોડશગ્રન્થનો છઠ્ઠો ગ્રન્થ છે - નવરત્ન

### ગ્રન્થરચનાપ્રસંગ

નવરત્ન ગ્રન્થની રચના શ્રીમહાપ્રભુજીએ અડેલમાં કરી છે. આ ગ્રન્થ ખેરાલુના ગોવિન્દ દૂબે માટે લખવામાં આવ્યો હતો.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી ગોવિન્દ દૂબે શ્રીઠાકુરજીની સેવા કરવા લાગ્યા. પરન્તુ મનમાં વ્યગ્રતા રહેતી અને ચિત્ત સેવામાં લાગે નહિ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમની સેવામાં નડતર રૂપ થતી ચિન્તાને દૂર કરવા માટે નવરત્ન ગ્રન્થની રચના કરીને તેમને કહ્યું - 'યહ નવરત્ન ગ્રન્થ કો પાઠ કિયે તે તેરે મન કી વિગ્રહતા મિટિ જાયગી.'

શ્રીવલ્લભની આજ્ઞા અનુસાર નવરત્નનો પાઠ કરવાથી ગોવિન્દ દૂબેનું મન સ્વસ્થ થયું અને તેમનું ચિત્ત ભગવત્સેવામાં સ્થિર થયું.

### ક્રમસંગતિ

સિદ્ધાન્તરહસ્યમાં ઉપદેશાયેલ પ્રકારે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રાપ્ત કરીને જે ભગવત્સેવામાં પ્રવૃત્ત થાય છે તેને પ્રભુની સેવા કરતા કરતા ભગવત્સેવા સમ્બન્ધી ચિન્તાઓ થઇ શકે છે. તે સેવા સમ્બન્ધી ચિન્તાઓ ના નિવારણના ઉપાય શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રન્થમાં કહ્યા છે. તેથી સિદ્ધાન્તરહસ્ય પછી નવરત્ન ગ્રન્થની સંગતિ છે.

### શ્લોકસંખ્યા : ૯

### ગ્રન્થસાર

(૧) જેમણે પ્રભુને પોતાનું સર્વસ્વ નિવેદન કરી દીધું છે તેમણે કોઇપણ પ્રકારની ચિન્તા ન કરવી કેમકે પરમ કૃપાળુ ભગવાન્ શ્રીકૃષ્ણ; પુષ્ટિજીવને પુષ્ટિફલનું દાન કરશે જ, તેની લૌકિક ગતિ નહિ થવા દે.

(૨) પોતાનો અથવા પરિવારજનો નો વિનિયોગ ભગવત્સેવામાં નથી થઇ રહ્યો તો તેવી ચિન્તા પણ ન કરવી. કેમકે પ્રભુની ઇચ્છા હશે ત્યારે સર્વની સેવાનો સ્વીકાર કરશે.

(૩) ભગવત્સેવા ગુરૂ આજ્ઞા અનુસાર કરવી અને ભગવદિચ્છા અન્ય પ્રકારની જણાય તો તે ભગવદાજ્ઞાનું અનુસરણ કરવું. ચિત્તને ભગવત્સેવામાં તત્પર રાખીને આનન્દથી રહેવું.

(૪) પ્રભુ જે કાંઇ કરે છે તે આપની લીલા છે તેમ સમજીને સાક્ષિભાવ કેળવવો અને ચિન્તાનો ત્યાગ કરવો.

(૫) સર્વભાવથી સદા 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' નું સ્મરણ રાખવું, રટણ કરવું.

## પાઠ ૧૯

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૨

### શ્રેષ્ઠ શુકન – ભગવન્નામ

ગુજરાતના એક બ્રાહ્મણ હતા. તે શુકન જોઇને જ કોઇપણ કાર્ય કરતા. એક વખત તેઓ ગુજરાતના સંઘ સાથે શ્રીગોકુલ આવી શ્રીગુસાંઇજીનો સેવક થયા. પછી ઉત્થાપનમાં શ્રીનવનીત પ્રિયજી નાં દર્શન કર્યા, શયન આરતીનાં દર્શન કરી શ્રીગુસાંઇજીથી વિદાય થઇ શ્રીગિરિરાજના, શ્રીગોવર્ધનનાથજીનાં દર્શને જવા નીકળ્યા.

ગામ બહાર આવ્યા ત્યારે આ બ્રાહ્મણ વૈષ્ણવને શુકન સારા ન થયા તેથી તે પાછા શ્રીગોકુલ આવ્યા. ત્યારે શ્રીગુસાંઇજીએ એમને કહ્યું કે 'કેમ પાછો આવ્યો?' ત્યારે બ્રાહ્મણ વૈષ્ણવે કહ્યું કે 'મહારાજ! શુકન સારા ન થયા.' શ્રીગુસાંઇજીએ કહ્યું કે 'શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનમાં વળી શુકન કેવા? પ્રભુ તો ભક્તવત્સલ છે. ભક્ત તાપ કરીને દર્શનનો જ્યારે પણ મનોરથ કરે ત્યારે દર્શન આપે છે.'

પછી આ બ્રાહ્મણ વૈષ્ણવ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શને ગયા. ફરી શ્રીગોકુલ આવ્યા અને પોતાના ગામ જવા માટે શ્રીગુસાંઇજીથી વિદાય લેવા આવ્યા.

શ્રીગુસાંઇજીએ કહ્યું કે –'કાલે જજો'

તે બ્રાહ્મણ વૈષ્ણવ કહે કે - 'મહારાજ! ખૂબ જરૂરી કામ છે, માટે આજે વિદાય આપો.'




પછી વૈષ્ણવ વિદાય થઇ ગામ બહાર આવ્યા; ત્યારે એક ગધેડો સામે મળ્યો. તેથી અપશુકન માનીને પાછા આવ્યા.

શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે – 'તુ ગયો નથી?'

ત્યારે બ્રાહ્મણ વૈષ્ણવે કહ્યું કે – 'મહારાજ ! કાર્ય તો ઉતાવળનું હતુ પણ ગધેડો મળ્યો તેથી શુકન સારા ન થયા; તેથી કાલે જઇશ.'

ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યુ કે 'મેં કહ્યું કે કાલે જજો ત્યારે તો માન્યું નહી અને ગધેડાને અપશુકન માનીને ન ગયો એ શું? અમારા વચન પર તને એટલોયે વિશ્વાસ ન રહ્યો અને શુકન પર તને આટલો વિશ્વાસ છે?'

ત્યારે બ્રાહ્મણ વૈષ્ણવને પોતાનો અપરાધ સમજાયો અને તેમણે કહ્યું - 'મહારાજ! જીવ બુદ્ધિથી એવું થઇ ગયું પણ આજ પછી હું ક્યારેય શુકન જોઇશ નહી.' ત્યારથી તેઓ પ્રભુનું સ્મરણ અને આશ્રયભાવ રાખીને સર્વ કાર્યો કરતા થયા.



આમ શ્રીગુસાંઇજીએ વૈષ્ણવોને શીખ આપી કે પ્રભુના સ્મરણથી વિશેષ કાંઇ જ નથી. પ્રભુનું સ્મરણ જ મંગલકારી છે.

ભગવાન્ શ્રીકૃષ્ણના આશ્રય અને શ્રીકૃષ્ણભક્તિની સતત પ્રેરણા આપનારા આપણા આચાર્યવર્ય શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણને વારં વાર નમન કરીએ.

# પાઠ ૨૦

## શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૩

### શ્રીગુસાંઇજીની કૃપાથી અલૌકિક સ્વરૂપ દર્શન

એક વખત કૃષ્ણભટ્ટે એક કણબી વૈષ્ણવને કહ્યું 'શ્રીગિરિરાજજી રત્નમય છે અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે.' ત્યારે કણબી વૈષ્ણવે કહ્યું 'મને તો આવા દર્શન ક્યારેય થયા નથી.'

આ કણબી વૈષ્ણવ પછી વ્રજમાં આવ્યા. તેમણે શ્રીગુસાંઇજીને વિનંતી કરી : 'મહારાજ ! મને કૃષ્ણભટ્ટે શ્રીગિરિરાજજી અને ગોવિંદકુંડ ના અલૌકિક સ્વરૂપની વાત કરી છે. પરંતુ એવા દર્શન મને થયા નથી.' ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી 'તું શ્રીગિરિરાજજી સામે જો'

કણબી વૈષ્ણવે જોયું; તો તેમને શ્રીગિરિરાજજી રત્નખચિત છે અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે તેવા દર્શન થયા.

આમ આવા અલૌકિક દર્શન વૈષ્ણવને કરાવીને શ્રીગુસાંઇજીએ લોકમાં શ્રીગિરિરાજજી અને વ્રજભૂમિનો મહિમા વધાર્યો. અહીં પ્રભુની સકલ લીલા વિદ્યમાન છે, શ્રીગુસાંઇજીની કૃપાથી પરમ ભાગ્યવાન વૈષ્ણવને પ્રભુની લીલાનો અનુભવ થાય છે.



### શ્રીગિરિરાજજીની મર્યાદા જાળવવી

પહેલા શ્રીનાથજી શ્રીગિરિરાજજી ઉપરના મંદિરમાં બિરાજતા હતા. તે સમયે ત્યાં શ્રીનાથજીના મંદિર પર જવા માટે શ્રીગિરિરાજજી પર એક કેડી હતી તેના પરથી જ સહુ આવન જાવન કરતા.

એક સમયે શ્રીગુસાંઇજી શ્રીનાથજીની સેવામાં પધાર્યા હતા અને કેટલાક વૈષ્ણવો સાથે હતા. ત્યારે શ્રીગુસાંઇજીએ એક વૈષ્ણવને પર્વત પર ચઢતો જોયો. તે રસ્તા પર ગોબર-છાણ હોવાથી એ વૈષ્ણવ રાહ છોડીને ગોવર્ધનને પગ લગાવી ઉપર ચડ્યો.

ત્યારે શ્રીગુસાંઇજીએ આ જોઇને (નારાજગીમાં) માથુ હલાવ્યું. તે વેળાએ બીજા વૈષ્ણવો પાસે હતા. તેમણે પૂછ્યું કે - 'મહારાજ ! આપે માથુ હલાવ્યુ તેનું કારણ શું? એ કૃપા કરીને કહો.' ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખે કહ્યું - 'શ્રીગોવર્ધન મણિમય જટિત સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. મૂઢ-મુરખ છે જે આ રીતે શ્રીગિરિરાજ ઉપર ચઢે છે અને શ્રીગોવર્ધન પર્વત ઉપર દોડે છે. શ્રીગોવર્ધન લીલાત્મક, ભગવત્સ્વરૂપ, આનંદમય છે. પણ જીવને જ્ઞાન નથી, તેથી અમે માથુ હલાવ્યું.'

આવું કહીને પેલા વૈષ્ણવના બહાને આપણને બધાને શિખામણ આપી છે કે પ્રભુની લીલાના સ્થાનોની ગરિમા અને પવિત્રતા અવશ્ય જાળવવી.

# પાઠ ૨૧

## ગ્રન્થપરિચય ૭ - અન્તઃકરણપ્રબોધ

ષોડશગ્રન્થનો સાતમો ગ્રન્થ છે - અન્તઃકરણપ્રબોધ.

### ગ્રન્થરચનાપ્રસંગ

શ્રીમહાપ્રભુજીને પ્રભુએ નિજધામ પધારવાની પ્રથમ આજ્ઞા ગંગાસાગર સંગમ પર આપી, ત્યાર પછી દ્વિતીય આજ્ઞા પ્રભુએ મધુવનમાં કરી, પરન્તુ હજી પોતાના અવતારના પ્રયોજન રૂપ સુબોધિનીલેખનનું કાર્ય બાકી હોવાથી, આ બે આજ્ઞાનું પાલન શ્રીવલ્લભે ન કર્યું.

તે પછી જ્યારે ત્રીજી વખત પ્રભુએ શ્રીવલ્લભને નિજધામ પધારવાની આજ્ઞા કરી ત્યારે શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ આજ્ઞાના પાલન માટે સન્ન્યાસ ગ્રહણ કરવાનો વિચાર કર્યો. તે સમયે આપશ્રીએ ત્રણે ભગવદાજ્ઞાના સન્દર્ભોમાં પોતાના અન્તઃકરણને બોધ આપવા રૂપે અન્તઃકરણપ્રબોધ ગ્રન્થની રચના કરી છે. ભક્તનું કર્તવ્ય છે કે કોઇપણ પરિસ્થિતિમાં પ્રભુની સન્મુખતા અને પ્રભુ પ્રત્યે દાસ્યભાવથી વિચલિત ન થવું.

ખરેખર તો શ્રીઆચાર્યચરણે પોતાના અન્તઃકરણને નિમિત્ત બનાવીને પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના અન્તઃકરણને આશ્વસ્ત કરતો આ વિલક્ષણ બોધ આપ્યો છે.

### ક્રમસંગતિ

ષોડશગ્રન્થના છઠ્ઠા ગ્રન્થ નવરત્નમાં ચિન્તા નિવૃત્તિના ચિન્તનાત્મક ઉપાયો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા છે. નવરત્નમાં જે સમજાવવામાં આવ્યું તેનું પોતાના ચરિત્ર દ્વારા જ ઉદાહરણ શ્રીમહાપ્રભુજીએ અન્તઃકરણપ્રબોધમાં દર્શાવ્યું છે. તેથી નવરત્ન પછી અન્તઃકરણપ્રબોધની સંગતિ છે.

**શ્લોકસંખ્યા : સાડા ૧૦**

### ગ્રન્થસાર

(૧) ભગવાન્ શ્રીકૃષ્ણથી ઉત્તમ કોઇ દેવ નથી.

(૨) દુષ્ટ જીવનો પણ જો ભગવાન્ અંગીકાર કરી લે તો તે જીવ ઉત્તમ બની જાય છે.

(૩) ભગવાન્ સત્યસંકલ્પ હોવાથી ભક્તોનું હિત કરવાના સંકલ્પનું પૂર્ણતઃ પાલન કરનારા છે.

(૪) સેવકનો ધર્મ છે જેમાં સ્વામીની પ્રસન્નતા હોય તે કરવું.

(૫) પ્રભુને સર્વસમર્પણ કરીને કૃતાર્થ થઇ સુખી થાઓ.

(૬) લૌકિકમાં આસક્તિને કારણે ભગવત્કાર્યમાં શિથિલતા ન કરવી, તેનાથી પ્રભુ અપ્રસન્ન થાય છે.

(૭) પ્રત્યેક પરિસ્થિતિમાં હરિનું જ શરણ રાખી નિશ્ચિન્ત રહેવું.

## પાઠ ૨૨

### શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૪

### શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીનો જન્મદિવસ ઉજવ્યો

એક વખત શ્રીગુસાંઇજીનો જન્મદિવસ (માગશર વદ નોમ) આવી રહ્યો હતો ત્યારે શ્રીનાથજીએ વિચાર્યું કે - 'મારા જન્મદિવસને શ્રીગુસાંઇજી સર્વ વૈષ્ણવો સાથે મનાવે છે તો હું પણ શ્રીગુસાંઇજીના જન્મદિવસનો પ્રકાર જગતમાં પ્રકટ કરૂં.' આમ વિચાર કરીને પ્રભુએ જન્મદિવસના એક દિવસ પહેલા ; જ્યારે રામદાસજી આપના શૃંગાર કરી રહ્યા હતા, કુંભનદાસજી શૃંગારના કીર્તન ગાઇ રહ્યા હતા અને શ્રીગુસાંઇજી ગોકુલમાં બિરાજતા હતા ત્યારે, રામદાસજીને કહ્યું કે - 'મારો જન્મદિવસ તો શ્રીગુસાંઇજી અત્યન્ત ઉત્સાહથી કરે છે તેથી મારે પણ શ્રીગુસાંઇજીનો જન્મદિવસ મનાવવો છે. તેથી તમે બધા મળીને શ્રીગુસાંઇજીના જન્મદિવસની તૈયારી કરો. મને સામગ્રી આરોગાવો. કાલે જન્મદિવસ છે.'



ત્યારે રામદાસજીએ વિનન્તિ કરી - 'મહારાજ ! શું સામગ્રી કરીએ ?' શ્રીનાથજીએ આજ્ઞા કરી - 'જલેબીની રસરૂપ સામગ્રી કરો.' કુંભનદાસજીએ કહ્યું - 'જો આજ્ઞા.'

ત્યાર પછી સેવા પહોંચીને રામદાસજીએ બધા સેવકોને ભેગા કરીને કહ્યું કે - 'કાલે શ્રીગુસાંઇજીનો જન્મદિવસ છે તેથી શ્રીનાથજીને સામગ્રી કરીને ભોગ ધરવાની છે.' ત્યારે બધાએ ભેગા મળીને સામગ્રી માટેની વ્યવસ્થા કરી અને આખી રાત્રિ જલેબીની સામગ્રી સિદ્ધ કરવામાં આવી.

પ્રાતઃકાલ રામદાસજીએ શ્રીનાથજીને અભ્યંગ કરાવીને કેસરી કુલ્હે-કેસરી વસ્ત્ર; જે શ્રીગુસાંઇજીએ ગોકુલથી સિદ્ધ કરીને પધરાવ્યા હતા તે, ધરાવ્યા. પછી શ્રીનાથજીને ભોગ ધર્યા. ત્યારે શ્રીજીએ કુંભનદાસજીને કહ્યું - તમે શ્રીગુસાંઇજીની વધાઇ ગાઓ.

કુંભનદાસજીએ વધાઇ ગાઇ -

**આજ બધાઇ શ્રીવલ્લભદ્વાર ।**

**પ્રગટ ભયે પૂરન પુરૂષોત્તમ પુષ્ટિ કરન નિસ્તાર ।।...**

આવી ઘણી વધાઇઓ કુંભનદાસજીએ ગાઇ.

શ્રીગુસાંઇજી શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીને અભ્યંગ કરાવી - કેસરી વસ્ત્ર શૃંગાર ધારણ કરાવી રાજભોગ ધરીને શ્રીનાથજીદ્વાર પધાર્યા. ત્યારે રામદાસજીએ કહ્યું - 'રાજભોગ આવ્યા છે.' ત્યારે શ્રીગુસાંઇજી સ્નાન કરીને મંદિરમાં પધાર્યા.

ભોગ સરાવીને જોયું તો જલેબીના અનેક ટોકરા ભોગમાં ધર્યા છે. ત્યારે શ્રીગુસાંઇજીએ રામદાસજીને પૂછ્યું - 'આજે કયો ઉત્સવ છે જે આટલી સામગ્રી આરોગાવી છે ?'

ત્યારે રામદાસજીએ કહ્યું - 'આજે શ્રીનાથજીએ આપનો જન્મદિવસ મનાવ્યો છે અને બધા સેવકો પાસે સામગ્રી કરાવી છે.'

આ રીતે શ્રીગુસાંઇજી અને પ્રભુ પરસ્પર પ્રીતિથી બંધાયેલા છે. પ્રભુએ આ રીતે શ્રીગુસાંઇજીનો ઉત્સવ ઉજવીને પરસ્પર આસક્તિની ભક્તિમાર્ગની વિલક્ષણ રીતિ પ્રકટ કરી.

## પાઠ ૨૩

# ગ્રન્થપરિચય ૮ - વિવેકધૈર્યાશ્રય

ષોડશગ્રન્થનો આઠમો ગ્રન્થ છે - વિવેકધૈર્યાશ્રય

### ગ્રન્થવિષય

વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્યચરણે 'વિવેક' 'ધૈર્ય' અને 'આશ્રય' નું સુબોધ નિરૂપણ કર્યું છે. જીવમાં રહેલો ભગવાન્ પ્રત્યેનો અનન્ય આશ્રયભાવ જ તેની ભગવદ્ભક્તિનો આધાર હોય છે. શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં ભગવદાશ્રયનું સ્વરૂપ અને ભગવદાશ્રયને દૃઢ કરવા માટેના ઉપાયો સમજાવ્યા છે.

### ક્રમસંગતિ

નવરત્નમાં જે વિષયો ચિન્તાની નિવૃત્તિ રૂપે સમજાવવામાં આવ્યા અને અન્તઃકરણપ્રબોધમાં જેને ઉદાહરણ સહિત સમજાવવામાં આવ્યા તે જ વિષયોને વિવેકધૈર્યાશ્રયમાં વિસ્તારપૂર્વક જીવન જીવવાના **વિધેયાત્મક અભિગમ** તરીકે સમજાવવામાં આવ્યા છે. આ રીતે પૂર્વના બે ગ્રન્થોમાં કહેવાયેલા વિષયોને દૃઢ કરનારો ઉપદેશ આ ગ્રન્થમાં આપવામાં આવ્યો હોવાથી વિવેકધૈર્યાશ્રય ષોડશગ્રન્થમાં આઠમા ક્રમ પર સુસંગત છે.

### શ્લોકસંખ્યા : ૧૭

### ગ્રન્થસાર

(૧) વિવેક ધૈર્ય અને આશ્રયનું સતત રક્ષણ કરવું જોઇએ.

(૨) 'સર્વ કાંઇ ભગવાન્ પોતાની ઇચ્છાથી જ કરશે' તેવી બુદ્ધિ અને ભાવ પ્રત્યેક બાબતોમાં રાખવો તેને **વિવેક** કહેવાય છે.

(૩) 'ત્રણે પ્રકારના (આધિભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક) દુઃખોને જીવન પર્યન્ત સહન કરવા તેને **ધૈર્ય** કહેવાય છે.' પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ પ્રભુના શરણે રહેલો જીવ ક્યારે પણ નિરાશ ન થાય તેવી દૃઢતા તે ધૈર્ય છે.

(૪) આશ્રય અને શરણ એ સમાનાર્થી શબ્દો છે. આલોક અને પરલોક સમ્બન્ધી પ્રત્યેક બાબતમાં ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યે શરણભાવ રાખી રહેવું તે **આશ્રય**નો પરિપૂર્ણ અર્થ છે.

(૫) ભગવાન્ શ્રીકૃષ્ણના શરણે રહેલા જીવે કદી અન્ય દેવનો આશ્રય ન કરવો.

(૬) પ્રભુ પર અવિશ્વાસ ક્યારે પણ ન કરવો. પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ રાખીને ભગવદાશ્રયભાવ દૃઢ કરવો.

(૭) બધા માટે હંમેશા **હિતકારી** એવો ભગવત્શરણાગતિનો ઉપદેશ શ્રીવલ્લભે વિવેકધૈર્યાશ્રયગ્રન્થમાં આપ્યો છે.

## પાઠ ૨૪

# શ્રીવિઠ્ઠલેશચરિત્ર ૧૫

### પરમ કૃપાલ શ્રીવલ્લભનન્દન

કૃષ્ણદાસ અધિકારીને શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવાની વ્યવસ્થા કરવાનું કાર્ય સોંપ્યું હતું. તેથી શ્રીગુસાંઇજી; કૃષ્ણદાસને સમ્માન આપતા.

એક વખત ભોગ પર ગંગાબાઇની દૃષ્ટિ પડતા, શ્રીનાથજી રાજભોગ ન આરોગ્યા. જ્યારે શ્રીગુસાંઇજીને આ સમાચાર મળ્યા ત્યારે તત્કાલ આપશ્રીએ બીજી સામગ્રી સિદ્ધ કરાવીને પ્રભુને ભોગ ધર્યા.

ગંગાબાઇને; કૃષ્ણદાસ અધિકારી સાથે સારો સુમેળ હતો. તેથી શ્રીગુસાંઇજીએ કૃષ્ણદાસને તે વિષયની ટકોર કરી. તેનાથી કૃષ્ણદાસને ખોટું લાગ્યું અને તેમણે શ્રીગુસાંઇજીને; હવેથી શ્રીનાથજીની સેવામાં ન પધારવા જણાવ્યું. શ્રીગુસાંઇજીએ ભગવદિચ્છા જાણી શ્રીનાથજીનો વિપ્રયોગ (વિરહ) સ્વીકાર્યો અને પરાસોલી (ચંદ્રસરોવર) પર જઇને બિરાજ્યા.

શ્રીગુસાંઇજીને શ્રીનાથજીના વિરહનો અત્યન્ત તાપ રહેતો. તેથી આપશ્રી પોતાની શ્રીનાથજી પ્રત્યેની ભાવના; લખીને રામદાસ ભીતરિયાના હાથે શ્રીનાથજીને મોકલાવતા. શ્રીનાથજી તે વાંચીને તેનો પ્રત્યુત્તર આપતા. શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને આ રીતે **નવ વિજ્ઞપ્તિઓ** લખી અને તે લોકમાં પ્રસિદ્ધ થઇ. શ્રીનાથજીએ પાન પર લખીને આપેલા ઉત્તર શ્રીગુસાંઇજી જલમાં ઘોરીને આરોગી જતા તેથી તે પ્રસિદ્ધ ન થયા.

આમ છ મહિના સુધી શ્રીગુસાંઇજી વિપ્રયોગમાં બિરાજ્યા. ત્યાર પછી બીરબલને આ સમાચાર મળતા તેમણે કૃષ્ણદાસને જેલમાં નાખ્યા અને શ્રીગુસાંઇજીને કહેવડાવ્યું કે - 'હવે આપ શ્રીનાથજીની સેવામાં પધારો.' જ્યારે શ્રીગુસાંઇજીને; કૃષ્ણદાસને કેદ કર્યા છે તેવા, સમાચાર મળ્યા તો આપશ્રીએ આજ્ઞા કરી - 'જ્યાર સુધી કૃષ્ણદાસને કેદમાંથી મુક્ત નહિ કરવામાં આવે ત્યાર સુધી હું ભોજન નહિ કરૂં.' ત્યારે બીરબલે કૃષ્ણદાસને મુક્ત કર્યા અને કહ્યું - 'જુઓ શ્રીગુસાંઇજીની કૃપા; તમારા વિના ભોજન નથી કરતા અને તમે તો શ્રીગુસાંઇજીને આટલું દુ:ખ આપ્યું.'

તત્કાલ કૃષ્ણદાસ; શ્રીગુસાંઇજી પાસે આવ્યા દીનભાવનાથી આપશ્રીની ક્ષમા યાચી અને શ્રીનાથજીની સેવામાં પધારવા વિનંતિ કરી. ત્યારે શ્રીગુસાંઇજી શ્રીનાથજીની સેવામાં પધાર્યા. પછી શ્રીગુસાંઇજીની કૃપાલુતાને પ્રકટ કરતું કીર્તન કૃષ્ણદાસે ગાયું -



**પરમ કૃપાલ શ્રીવલ્લભનન્દન કરત કૃપા નિજ હાથ દે માથે.**

**જે જન શરણ આયે અનુસરહી ગૃહી સોંપત શ્રીગોવર્ધનનાથે...**

આવા પરમ કૃપાલ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે; ૭૦ વર્ષ ભૂતલ પર પ્રકટ સ્વરૂપે બિરાજીને, ભક્તિમાર્ગનો સર્વાંગપૂર્ણ વિસ્તાર કર્યો અને વિક્રમ સંવત્ ૧૬૪૨ - મહા વદ સાતમના આપશ્રી; પોતાના સમગ્ર પરિવારને શ્રીનાથજીની સન્મુખતાનો બોધ આપીને, ગોવિન્દસ્વામીને સાથે લઇને સદેહે શ્રીગિરિરાજજીની કન્દરાના માર્ગે નિત્યલીલામાં પધાર્યા.

**सदानन्दरूपः सदानन्दरूपात्मनानन्दलीलारसं यो ददाति ।**

**गतिर्विठ्ठलेशे रतिर्विठ्ठलेशे मतिर्विठ्ठलेशे सदा वै ममास्तु ।। (श्रीरघुनाथजी)**

સદાનન્દ સ્વરૂપ, સદાનન્દ સ્વરૂપ થી આત્માનન્દની લીલાનો આનન્દ પ્રદાન કરનારા શ્રીવિઠ્ઠલેશમાં મારી ગતિ-રતિ-મતિ સદા રહો.

**।। श्रीविठ्ठलेशो जयति ।।**

# વૈષ્ણવબાલ

અમે તો વૈષ્ણવબાલ છીએ ન્યારા ...
શ્રીવલ્લભને અનુસરનારા , (અમે) વિઠ્ઠલેશના પ્યારા ...
એવા વલ્લભીયબાલ ... એવા પુષ્ટિનિષ્ઠબાલ ...અમે તો ...૧

તુલસીની કંઠી અમ કંઠે નિત્ય શોભતી, અષ્ટાક્ષર જપનારા .
તિલક અમ ગૌરવનું પ્રતીક છે, પુષ્ટિગ્રન્થો પઠનારા ...
એવા ભક્તિનિષ્ઠબાલ...એવા ધર્મનિષ્ઠબાલ ...અમે તો ...૨

ઘરમાં બિરાજે શ્રીવલ્લભના સર્વસ્વ, શ્રીકૃષ્ણચન્દ્ર જગ ઉજિયારા.
શરણે રહીએ સદા શ્રીકૃષ્ણને, જીવન ધન્ય કરનારા...
એવા સેવાનિષ્ઠબાલ એવા કૃષ્ણાશ્રિતબાલ ...અમે તો ...૩

ગોમાતાની અમે સેવા કરીએ, ગોદુગ્ધપાન કરનારા.
રાષ્ટ્રહિત કાજે અમે કર્મ કરનારા, વ્યસનોથી દૂર રહેનારા...
એવા ગોભક્તબાલ એવા કર્મનિષ્ઠબાલ ...અમે તો ...૪

દુર્જનોનો સંગ અમે ક્યારેય નવ કરીએ, સત્સંગથી શ્રેય સાધનારા.
અપશબ્દો અમે ક્યારેય નહિ બોલતા, સત્ય સદા બોલનારા...
એવા સત્સંગીબાલ એવા સત્યનિષ્ઠબાલ ...અમે તો... ૫

શ્રીવલ્લભને અનુસરનારા , (અમે) વિઠ્ઠલેશના પ્યારા ...
એવા વલ્લભીયબાલ ... એવા પુષ્ટિનિષ્ઠબાલ ...
અમે તો વૈષ્ણવબાલ છીએ ન્યારા ...